# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

બોર્ડ બેઠક નં.૨૫૯ તા.૨૭/૦૨/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે

સ્થળ: શહેરી વિકાસ સત્તામંડળ વડોદરા



| અ નં. | વિષય | ઠરાવ નં. | પાન નં. |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૧૧/૨૦૨૩ ની ૨૫૮ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | ૨૯૧૩ | ૩-૮ |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭ મી બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ૨૯૧૪ | ૯-૧૪ |
| ૩ | મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન જમીનનાં ડીસ્ટ્રીક કોર્ટનાં LAR NO.125 /2009 અને LAR NO.129/2009 માં કોર્ટના હુકમ મુજબ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- કોર્ટમાં જમા કરાવવા બાબત. | ૨૯૧૫ | ૧૫ |
| ૪ | સત્તામંડળનું સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૪-૨૫ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત. | ૨૯૧૬ | ૧૬ |
| ૫ | ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા બાબત. | ૨૯૧૭ | ૧૭ |
| ૬ | પ્રિ ઓડીટ કરવા અર્થે ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મની નિમણુંક કરવા બાબત. | ૨૯૧૮ | ૧૮ |
| ૭ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય કામગીરીને બહાલી આપવા બાબત. | ૨૯૧૯ | ૧૯ |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઈન્ફ્રાસટ્રકચર તથા અન્ય કામગીરીના ખાતમુહર્ત તથા લોકાર્પણની કામગીરીમાં ફરાસખાના તથા અન્ય આનુસંગિત કામગીરી માટે થનાર ખર્ચને બહાલી આપવા બાબત. | ૨૯૨૦ | ૨૦ |
| ૯ | વુડા ભવન ના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસ ની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવા માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત | ૨૯૨૧ | ૨૧ |
| ૧૦ | મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/એ (ખાનપુર-અંકોડીયા-મહાપુરામાં ટી.પી. વિસ્તાર) અને મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/બી માં (ગોકુલપુરા-રાયપુરામાં ટી.પી. વિસ્તાર), મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી, મોજે સમિયાલા-બીલ ટી.પી. સ્કીમ નં. ૨૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા ખલીપુર ખાતે વુડા અને વી.એમ.સી. ની સંયુક્ત ભાગીદારીથી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી બાબત. | ૨૯૨૨ | ૨૨-૨૩ |
| ૧૧ | વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ (રેલ્વેનો ઉપરનો ભાગ), ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી, કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ તથા અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૧ વગેરે ટી.પી.સ્કીમોમાં વી.એમ.સી. સાથે રહીને સંયુકત ભાગીદારીથી બનાવવામાં આવનાર STP, MPS તથા પ્રેસર લાઈનની કામગીરી માટેની ૫૦% રકમ વી.એમ.સી. માં જમા કરાવવા બાબત. | ૨૯૨૩ | ૨૪ |
| ૧૨ | વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના બાબત. | ૨૯૨૪ | ૨૫ |
| ૧૩ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારો ને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરાશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવા બાબત. | ૨૯૨૫ | ૨૬ |
| ૧૪ | ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે આવાસોના રી-ડેવલોપમેન્ટની કામગીરી પીપીપી ધોરણે કરવા માટે બહાલી આપવા બાબત. | ૨૯૨૬ | ૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | વુડા વિસ્તારના ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડની બાકી લંબાઈમાં પશ્ચિમ વિસ્તારમાં મંજુર થયેલ વિવિધ ટી.પી. માંથી કામગીરી કરવા બાબત. | ૨૯૨૭ | ૨૮-૨૯ |
| ૧૬ | વુડા વિસ્તારના વડોદરા જબુંસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગ રોડ બનાવવાની કામગીરી માટે વરાડે પડતો ખર્ચ વી.એમ.સી. પાસેથી જમા લેવા બાબત. | ૨૯૨૮ | ૩૦ |
| ૧૭ | વુડા ભવન બિલ્ડીંગમાં ૦૪ (ચાર) ડકટમાં પાણી અને ડ્રેનેજની લાઈનો બદલવા તથા તેને લગત અન્ય કામગીરી માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત | ૨૯૨૯ | ૩૧ |
| ૧૮ | મોજે: કુમેઠા,મોરલીપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા,મોરલીપુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ૨૯૩૦ | ૩૨-૩૩ |
| ૧૯ | મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ૨૯૩૧ | ૩૪-૩૫ |
| ૨૦ | મોજે : કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | ૨૯૩૨ | ૩૬-૩૭ |
| ૨૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૩ (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ૨૯૩૩ | ૩૮-૩૯ |
| ૨૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત. | ૨૯૩૪ | ૪૦ |

અર્પિત સાગર, IAS
સભ્ય-સચિવ
વ
મુખ્ય કારોબારી અધિકારી
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

# બોર્ડ બેઠક નં.૨૫૯

**વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૭/૦૨/૨૦૨૪ ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે મળેલ**
**૨૫૯ મી બેઠકની કાર્યવાહી નોંધ**

---

બોર્ડ બેઠકમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| | | |
|---|---|---|
| (૧) | અધ્યક્ષશ્રી<br>શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા<br>વ<br>મ્યુનિસિપલ કમિશ્નરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | અધ્યક્ષ શ્રી<br>વ<br>સભ્યશ્રી |
| (૨) | અધ્યક્ષશ્રી<br>સ્થાયી સમિતિ,<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા. | સભ્યશ્રી |
| (૩) | મુખ્ય કારોબારી અધિકારીશ્રી<br>વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ,વડોદરા | સભ્ય-વ સચિવશ્રી |
| (૪) | મુખ્ય નગર નિયોજકશ્રી<br>ગુજરાત રાજય, ગાંધીનગર ના પ્રતિનિધિ | સભ્યશ્રી |
| (૫) | પ્રાદેશિક કમિશ્નરશ્રી<br>નગર પાલિકાઓની કચેરી, વડોદરા | સભ્યશ્રી |
| (૬) | સીટી એન્જીનીયરશ્રી<br>વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા | સભ્યશ્રી |

આજની બેઠકમાં કોરમ થવાથી કાર્યસુચિ સાથેના નિયમિત મુધ્દા નં.૦૧ થી ૨૨ ની નીચે પ્રમાણેની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

**મુદ્દા નંબર : (૧)** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૧૧/૨૦૨૩ ની ૨૫૮ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૨/૧૧/૨૦૨૩ ની ૨૫૮ મી** બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૨૧ અને અધ્યક્ષ સ્થાનેથી-૧ મળી કુલ-૨૨ મુદ્દાના ઠરાવ ક્રમાંક ૨૮૯૧ થી ૨૯૧૨ સુધીના લેવાયેલ નિર્ણયોના બહાલી અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે જે બહાલી માટે રજુ થતા ઠરાવો બાબતે કોઈ સભ્યશ્રી તરફથી કોઈ સલાહ સૂચન મળેલ ન હોઈ સર્વાનુમતે બહાલી આપી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૯૧૩)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૨/૧૧/૨૦૨૩ ની ૨૫૮ મી** બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૨૧ અને અધ્યક્ષ સ્થાનેથી-૧ મળી કુલ-૨૨ મુદ્દાના ઠરાવ ક્રમાંક ૨૮૯૧ થી ૨૯૧૨ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## બોર્ડ બેઠક નં-૨૫૮નાં ઠરાવોની બહાલી આપવા બાબતની યાદી

| અ નં. | વિષય | ઠરાવ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૯૧)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૯/૨૦૨૩ ની ૨૫૭ મી બેઠકની કાર્યવાહીના ઠરાવ ક્રમાંક ૨૮૭૬ થી ૨૮૯૦ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬ મી બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત | **ઠરાવ ક્રમાંક (૨૮૯૨)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬** મી બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના ઠરાવ ક્રમાંક ૨૮૫૧ થી ૨૮૭૫ નાં અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. |
| 3 | મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન જમીનનાં ડીસ્ટ્રીક કોર્ટનાં LAR NO.123 /2009 થી LAR NO.129/2009 માં કોર્ટના હુકમ મુજબ રૂ.૭,૯૬,૯૧,૧૨૩/- અંગે થયેલ કાર્યવાહીને બહાલી મળવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૯૩)** : મોજે હરણી વળતર કેસ નં. ૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન થયેલ જમીનો અંગે LAR NO.123 /2009 થી LAR NO.129/2009 માં વડોદરા સીનીયર સિવિલ જજ સાહેબના તા.૨૮/૦૨/૨૦૨૩ ચુકાદા મુજબ વળતરની રકમ કોર્ટમાં જમા કરાવવા નામદાર હાઈકોર્ટનાં આદેશ તા.૫/૧૦/૨૦૨૩ થી થયેલ વળતરની રકમ રૂ. ૭,૯૬,૯૧,૧૨૩/- (અંકે રૂપિયા સાત કરોડ છન્નું લાખ એકાણું હજાર એકસો તેવીસ પુરા) બેંક ઓફ બરોડાના ચેક નં.૦૧૨૪૫૩ તા.૨૫/૧૦/૨૦૨૩ નો ચેક કોર્ટમાં તા.૨૬/૧૦/૨૦૨૩ નાં રોજ જમા કરવામાં આવેલ છે. જે કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું. |
| ૪ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૯૪)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ હદ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૫ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૯૫)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ હદ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૬ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) નો ઇરાદો જાહેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૯૬)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) બનાવવા અંગે મુખ્ય નગર નિયોજકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ પાઠવેલ હદ પરામર્શમાં દર્શાવેલ હદો મુજબ તથા તેમાં દર્શાવેલ શરતોને આધિન સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઇરાદો જાહેર કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ અંગેની આગળની કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. |
| ૭ | મોજે: નવાપુરા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૩ | **ઠરાવ ક્રમાંક (૨૮૯૭)** : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના |

| | | |
|---|---|---|
| | (નવાપુરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૮ | મોજે: હેતમપુરા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૪ (હેતમપુરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૮૯૮) :</u> સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૯ | મોજે: કેલનપુર ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૫ (કેલનપુર) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૮૯૯) :</u> સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૧૦ | મોજે. કેલનપુર ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૬ (કેલનપુર) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૦૦) :</u> સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૧૧ | મોજે: પવલેપુર ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૭ (પવલેપુર) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૦૧) :</u> સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૧૨ | મોજે: પાદરા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩ (પાદરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૦૨) :</u> સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |

| | | |
|---|---|---|
| ૧૩ | મોજે: પાદરા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૪ (પાદરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૦૩) :** સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૧૪ | મોજે: પાદરા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૫ (પાદરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૦૪) :** સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૧૫ | મોજે: પાદરા ગામના વિસ્તારમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૬ (પાદરા) બનાવવા માટે અધિનિયમની કલમ ૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરનો પરામર્શ મેળવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૦૫) :** સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/એ (કુમેઠા)ના તા.૩૦/૦૯/૨૦૨૩ ના રોજના તથા સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૦ (મુજરગામડી), ૩૧ (ચાપડ-તલસટ), ૩૨ (તલસટ)ના તા.૦૭/૧૧/૨૦૨૩ ના રોજના અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મળેલ મુખ્ય નગર નિયોજકશ્રીના હદ પરામર્શના પત્રોની વિગતો ધ્યાને લઈ, માન. ચેરમેનશ્રી દ્વારા માન. અગ્ર સચિવશ્રી તેમજ મુખ્ય નગર નિયોજકશ્રીને પત્ર પાઠવવાનું નક્કી થયેલ. તેમજ ઉકત પરામર્શના વિગતો અન્વયે ઇરાદો જાહેર કરવાનો મુદ્દો કામગીરી બેવડાય નહી અને સમયનો વ્યય ન થાય તે હેતુથી હાલે મુલતવી રાખવા ઠરાવવામાં આવેલ. |
| ૧૬ | વડોદરા મહાનગર સેવાસદન સહિત વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં વિકાસ ચાર્જ નક્કી કરવા બાબત. | **ઠરાવ નંબર (૨૯૦૬) :** વડોદરા શહેરના કેન્દ્રીય વિસ્તાર તથા વુડાની હદની અંદરના વિસ્તારમાં વસૂલવામાં આવતા વિકાસ ચાર્જના દરો એક સમાન કરવા સૈદ્ધાંતિક મંજુરી મળેલ. જે પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ મુજબ કાર્યવાહી કરવા ઠરાવવામાં આવેલ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યુ. |
| ૧૭ | મંજૂર મુસદ્દારૂપ નગર રચના યોજનાનં.૪૨ (કોયલી)માં કામચલાઉ પુનઃ રચના યોજનાની દરખાસ્ત અન્વયે રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટ બાબતે વડોદરા શહેરી વિકાસ સતામંડળનું અનુમોદન/પરામર્શ આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૦૭)** : બોર્ડના સર્વ સભ્યોશ્રી સાથે ચર્ચા વિચારણા બાદ હાલમાં પાઠવેલ યોજનાની કામચલાઉ પુનઃ રચનાની દરખાસ્ત તત્કાલીન નગર રચના અધિકારીશ્રી દ્વારા પાઠવેલ હોઇ તેમજ તેઓની હાલ બદલી થયેલ હોઇ, જે વિગત ધ્યાને લેતા; અત્રેથી પરામર્શ આપ્યા બાદ જો નવા નિયુકત થનાર નગર રચના અધિકારીશ્રી ફેર સુધારા કરે તો તે કિસ્સામાં પુનઃ પરામર્શ લેવાનો રહે છે. જેથી સમગ્ર નગર રચના યોજનામાં એક સુત્રતા જળવાઇ રહે તથા કામગીરી બેવડાય નહીં તે હેતુથી નવા નિયુકત નગર રચના અધિકારીશ્રીને કામચાલુ પુનઃ રચનાની દરખાસ્તનો ફેર ચકાસણી કરી અત્રેનો પરામર્શ લેવા જણાવી; હાલે પાઠવેલ દરખાસ્ત પરત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તથા આ અંગેની તમામ કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીને અધિકૃત કરવા ઠરાવવામાં આવેલ છે. |
| ૧૮ | મોજે : બાકરોલ, જેસંગપૂરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૮-ડી (બાકરોલ, જેસંગપૂરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં | **ઠરાવ ક્રમાંક (૨૯૦૮) :** મોજે બાકરોલ અને જેસંગપુરા ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૮-ડી (બાકરોલ, જેસંગપુરા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૯/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનં. ૨૮/ડી ના કુલ **૩૨** વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૪૬ રજુઆતો ગુણદોષના ધોરણે ધ્યાને લઈ તે પૈકી કુલ-૧૮ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૨૮ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી |

| | | |
|---|---|---|
| | મંજુરી અર્થે પાઠવવા બાબત. | કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: જેસંગપુરા બ્લોક નં. ૯,૧૦,૧૧,૧૨ માંથી પસાર થતો ગામતળને જોડતો ૧૨.૦૦ મી નો રસ્તો તેમજ મોજે: બાકરોલ ના બ્લોક નં. ૧૦૬ માંથી પસાર થતો ૧૮.૦૦ મીટરનો રસ્તો રદ કરી તેમજ ૭૫.૦૦ મીટરના ડી.પી. રસ્તાની અલાઈનમેંટમાં ફેરફાર કરી; સદર રસ્તાઓ પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા; ઉકત જણાવેલ દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં સુધારા પરત્વે કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત પાઠવવાનું ઠરાવવામાં આવ્યું તેમજ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૧૯ | મોજે: ચિખોદ્રા અને અલ્હાદ્પુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૬-સી (ચિખોદ્રા-અલ્હાદ્પુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૦૯) :</u> મોજે: ચિખોદ્રા અને અલ્હાદ્પુરા ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-સી (ચિખોદ્રા-અલ્હાદ્પુરા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૯/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનં. ૨૬/સીના કુલ ૬૦ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૬૭ રજુઆતો ગુણદોષના ધોરણે ધ્યાને લઈ તે પૈકી કુલ-૩૬ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૩૧ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: ચિખોદ્રાના બ્લોક નં. ૮ થી ૧૭૬, ૬ થી ૪૨૫, ૨૧૦ થી ૨૧૫ તેમજ ૩૨૭ થી ૩૩૮ને જોડતો ૧૨મી ડી.પી. રસ્તો અને બ્લોક નં.૩૯૪ થી ૪૨૧ને જોડતો ૧૮મી ડી.પી. રસ્તો રદ કરેલ છે તેમજ મોજે: ચિખોદ્રાના બ્લોક નં.૨૩૪ થી મોજે: અલ્હાદ્પુરાના બ્લોક નં.૮૯ને જોડતો ૧૨મી ડી.પી. રસ્તાની રદ કરેલ છે. મોજે: ચિખોદ્રાના બ્લોક નં. ૨૩૭ થી મોજે: અલ્હાદ્પુરાના બ્લોક નં. ૮૯ને જોડતો ૧૮મી ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટમાં ફેરફાર કરેલ છે. મોજે: ચિખોદ્રાના બ્લોક નં.૩૭૪ થી ૧૬૮ને જોડતો ૧૮મી ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ અને પહોળાઈમાં ફેરફાર કરેલ છે. મોજે: ચિખોદ્રાના બ્લોક નં. ૧૩/૧ થી ૩૧૩ને જોડતો ૩૦મી અને ૧૮મી ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ અને પહોળાઈમાં ફેરફાર કરી; સદર રસ્તાઓ પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા; ઉકત જણાવેલ દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં સુધારા પરત્વે કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત પાઠવવાનું ઠરાવવામાં આવ્યું તેમજ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૦ | મોજે: ચિખોદ્રા અને અલ્હાદ્પુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૬-સી (ચિખોદ્રા-અલ્હાદ્પુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | <u>ઠરાવ ક્રમાંક (૨૯૧૦) :</u> મોજે વોરાગામડી ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-બી (વોરાગામડી)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૯/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનં. ૨૬/બી ના કુલ <u>૨૪</u> વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૨૭ રજુઆતો ગુણદોષના ધોરણે ધ્યાને લઈ તે પૈકી કુલ-૧૦ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૧૭ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |

| | | |
|---|---|---|
| ૨૧ | મોજે : સુંદરપુરા-ધનિયાવી ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૧૧) :** મોજે: ધનીયાવી અને સુંદરપુરા ખાતે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૬-એ (સુંદરપુરા-ધનિયાવી)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૯/૨૦૨૩ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનં. ૨૬/એ ના કુલ ૩૭ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૬૬ રજુઆતો ગુણદોષના ધોરણે ધ્યાને લઈ તે પૈકી કુલ-૨૪ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૪૨ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ. તથા યોજના વિસ્તારમાં સમાવિષ્ટ મોજે: ધનીયાવીના બ્લોકનં. ૪૧૩ થી ૩૯૩ ને જોડતા ૩૦ મીટર ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ, બ્લોકનં. ૪૧૩ થી ૪૫૫/અ ને જોડતા ૧૨ મીટર ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ અને પહોળાઈ અને બ્લોકનં. ૩૦૫ થી ૩૦૧ ને જોડતા ૧૮ મીટર ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ તેમજ મોજે: સુંદરપુરાના બ્લોકનં. ૨૮૨ થી ૨૪૮ ને જોડતા ૪૦ મીટર ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ અને પહોળાઈ અને બ્લોકનં. ૨૫૦ થી ૨૫૫ ને જોડતા ૧૮ મીટર ડી.પી. રસ્તાની પહોળાઈ, બ્લોકનં. ૩૯૭, ૨૩૮, ૩૯૯ માંથી પસાર થતાં ૩૦ મીટર ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ તથા મોજે: ધનીયાવીના બ્લોકનં. ૩૮૨ થી મોજે: સુંદરપુરાના બ્લોકનં. ૧૭ ને જોડતા ૧૮ મીટર ડી.પી. રસ્તાની અલાઈનમેન્ટ અને પહોળાઈમાં ફેરફાર કરી; સદર રસ્તાઓ પૈકીની સદર જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા; ઉકત જણાવેલ દ્વિતીય પુનરાવર્તીત વિકાસ યોજનામાં સુધારા પરત્વે કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત પાઠવવાનું ઠરાવવામાં આવ્યું તેમજ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી. |
| ૨૨ | અધ્યક્ષ સ્થાનેથી..<br>વડોદરા, વાઘોડિયા રસ્તા ઉપર વાઘોડિયા ચોકડી થી પવલેપુર ગામ સુધી પસાર થતા રસ્તાના મિડયનના વૃક્ષોની નિભાવણી અને મરામતની કામગીરી બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૯૧૨) :** વડોદરા, વાઘોડિયા રસ્તા ઉપર વાઘોડિયા ચોકડી થી પવલેપુર ગામ સુધી પસાર થતા રસ્તાના મિડયનના વૃક્ષોની નિભાવણી અને મરામતની કામગીરી તથા હોર્ડીંગ્સ લગાવવા માટેની કામગીરી સુજલ એડવટાઈઝર્સ પ્રા. લી., વડોદરાને ન સોંપી સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા કરી ઈજારદારશ્રી નક્કી કરી કામગીરી સોંપવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. |

**મુદા નંબર: (૨) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭ મી બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭** મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૧૪ અને અધ્યક્ષ સ્થાનેથી-૧ મળી કુલ-૧૫ મુદ્દાના ઠરાવ ક્રમાંક ૨૮૭૬ થી ૨૮૯૦ સુધીના લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતો આ સાથે પત્રકમાં દર્શાવેલ છે જે અમલીકરણને બહાલી માટે મુદ્દો રજુ કરેલ જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૯૧૪)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૨૨/૦૯/૨૦૨૩ ની ૨૫૭** મી બેઠકમાં મુદ્દા નં. ૧ થી ૧૪ અને અધ્યક્ષ સ્થાનેથી-૧ મળી કુલ-૧૫ મુદ્દાના ઠરાવ ક્રમાંક ૨૮૭૬ થી ૨૮૯૦ સુધીના લેવાયેલ નિર્ણયોના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની વિગતોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

## બોર્ડ બેઠક નં.૨૫૭ ના થયેલ ઠરાવ અંગે કરેલ અમલીકરણની વિગત

| અનં. | વિષય | ઠરાવ | અમલીકરણ |
|---|---|---|---|
| ૧ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા૧૩/૦૬/૨૦૨૩ ની ૨૫૬ મી બોર્ડ બેઠકની કાર્યવાહીને બહાલી આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૭૬): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૩/૬/૨૦૨૩ ની ૨૫૬ મી બેઠકની કાર્યવાહીનાં** ઠરાવ ક્રમાંક ૨૮૫૧ થી ૨૮૭૫ ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | **બોર્ડ બેઠક ૨૫૭, તા.૨૨/૦૯/૨૦૨૩ માં બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી મળતા અત્રેના પત્ર નં યુડીએ/મીટિંગ/૧૩૪૧/૨૩ તા ૦૯.૧૦.૨૩ થી તમામ સભ્યશ્રીઓને મોકલી આપેલ છે.** |
| ૨ | વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫ મી ખાસ બોર્ડ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના અમલીકરણ બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૭૭) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની **તા.૧૮/૦૪/૨૦૨૩ ની ૨૫૫** મી ખાસ બેઠકમાં લેવાયેલ નિર્ણયોના ઠરાવ ક્રમાંક ૨૮૨૪ થી ૨૮૩૦ ના અમલીકરણ અર્થે કરેલ કાર્યવાહીની સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | **બોર્ડ બેઠક ૨૫૭, તા.૨૨/૦૯/૨૦૨૩ માં બેઠકની કાર્યવાહીને સર્વાનુમતે બહાલી મળતા અત્રેના પત્ર નં યુડીએ/મીટિંગ/૧૩૪૧/૨૩ તા ૦૯.૧૦.૨૩ થી તમામ સભ્યશ્રીઓને મોકલી આપેલ છે.** |
| ૩ | મોજે અટલાદરા તા.વડોદરા વ.કે.નં. ૧૪/૯૧ તા.૨૮/૧૨/૧૯૯૪ થી સંપાદન થયેલ સ.નં. ૪૮ ની સંપાદન જમીન હે.૦-૮૬-૦૦ ચો.મી. વાળી જમીન લેન્ડ ડેવલોપમેન્ટ સ્કીમના હેતુ માટે વળતરની રકમ પર કોર્ટના હુકમ મુજબ ૯%, ૧૫% વ્યાજ ની રકમ રૂ.૭૮,૫૩,૦૦૪/- જમા કરવા બાબત | ઠરાવ ક્રમાંક (૨૮૭૮) : નામદાર વડોદરાના પ્રિન્સિપલ સિનિયર સીવીલ જજની કોર્ટમાં લેન્ડ રેફરન્સ નં.૬૨૬/૧૯૯૬ નાં ડિસ્ટ્રિક્ટ કોર્ટનાં તા.૦૩/૦૩/૨૦૨૩ ચુકાદા મુજબ ખાસ જમીન સંપાદન અધિકારી એકમ-૧, વડોદરા નાં ગણતરી પત્રક મુજબ પ્રથમ વર્ષ માટે ૯% અને બાકીના સમય માટે રકમ કોર્ટમાં જમા કરાવે ત્યાં સુધી ૧૫% વ્યાજની રકમ રૂ.૭૮,૫૩,૦૦૪/- (અંકે રૂપિયા ઇઠયોતેર લાખ ત્રેપ્પન હજાર ચાર પુરા) નામદાર કોર્ટમાં જમા કરાવવા ઠરાવવામાં આવ્યું. | રૂ.૭૮,૫૩,૦૦૪/- (અંકે રૂપિયા ઇઠયોતેર લાખ ત્રેપ્પન હજાર ચાર પુરા) નામદાર કોર્ટમાં ચેક નંબર ૦૧૨૪૧૧,તા૦૫/૧૦/૨૩ થી જમા કરાવેલ છે. |
| ૪ | વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં વુડા તથા આઉટસોર્સીંગ કર્મચારીઓ પટાવાળા તેમજ ડ્રાઈવર ને ગણવેશ આપવા બાબત. | ઠરાવ ક્રમાંક (૨૮૭૯) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ ની કચેરીમાં વર્ગ-૪ નાં પુરૂષ/સ્ત્રી કર્મચારીઓ પટાવાળા તેમજ ડ્રાઈવર રેગ્યુલર અને આઉટસોર્સ કર્મચારીઓને ડ્રેસ કોડ અંગે મુખ્ય કારોબારી અધિકારીશ્રી એ કરેલ કાર્યવાહીને બહાલી આપવામાં આવી. | **થયેલ ઠરાવ મુજબ વર્ગ ૪ ના કર્મચારીઓ તથા ડ્રાઇવર રેગ્યુલર અને આઉટસોર્સ કર્મચારીઓને ગણવેશ આપવામાં આવેલ છે.** |

| | | | |
|---|---|---|---|
| ૫ | વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં કર્મચારી સ્વશ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, પટાવાળાનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૮૦)** : વુડા સત્તામંડળના વર્ગ-૪ નાં કર્મચારી શ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, (જ.તા.૨૮/૦૬/૧૯૫૮) પટાવાળા તા. ૦૬/૦૧/૨૦૧૧ નાં રોજ અવસાન થતા સરકારશ્રીની યોજના મુજબ રહેમ રાહે નોકરીની પ્રથા બંધ થતા ઉચ્ચક સહાય યોજના લાગુ પડતા સ્વર્ગસ્થનાં પત્નીને રૂ. ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ઉચ્ચક સહાય તરીકે ચુકવવા ઠરાવવામાં આવ્યું. | **થયેલ ઠરાવ મુજબ** સ્વશ્રી ભુપેન્દ્રભાઈ બી. રાણા, પટાવાળાનાં આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય રૂ. ૪,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ પુરા) ચુકવવામાં આવેલ છે. |
| ૬ | માધવનગરમાં બાકી રહેલ આવાસોનું વેચાણ કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૮૧)** : માધવનગર-કેશવનગર આવાસ યોજના ખાતે બાકી રહેલ ૨૪૯ આવાસોને નવેસરથી ફોર્મ બહાર પાડી ઓનલાઈન ડ્રો પધ્ધતિથી લાભાર્થી નક્કી કરી પ્રતિ આવાસ રૂ. ૩,૭૩,૦૦૦/- + મેન્ટેનન્સ ચાર્જીસ + દસ્તાવેજના ખર્ચ સહિત આવાસોનું વેચાણ કરવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. | **થયેલ ઠરાવ મુજબ** માધવનગર-કેશવનગર(અટલાદરા-MKRS) આવાસ યોજનાના બાકી રહેલ ૨૪૯ આવાસોની વેચાણ ની કામગીરીની કાર્યવાહી પ્રગતિમાં છે. |
| ૭ | સીડમની લોનની ચુકવણી બાબત | **ઠરાવ ક્રમાક:-(૨૮૮૨)** સરકારશ્રી તરફથી સત્તામંડળને મળેલ સીડમની લોનની બાકી રાખેલ લોન મુદ્દલ રૂ.૯૮ લાખ ૫૦ હજાર તથા વ્યાજ, પેનલ્ટી રૂ.૬,૫૩,૨૦,૭૧૦/- મળી કુલ રકમ રૂ.૭,૫૧,૭૦,૭૧૦/- ની રકમ સરકારશ્રીને ચુકવણી કરવા સર્વાનુમતે બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. | સીડમની લોનના ચુકવણા માટેના બજેટ સદર માટે અત્રેથી શ.વિ.વિને તા.૦૭/૧૦/૨૦૨૩ તા. ૨૯/૧૧/૨૦૨૩, તા.૧૬/૦૨/૨૦૨૪ થી પત્ર લખીને વિગતો મંગાવેલ છે. જે નવો બજેટ હેડ મળ્યાથી લોનની સત્વરે ચુકવણી કરવામાં આવશે. |
| ૮ | વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબોને બહાલી આપવા બાબત. | **ઠરાવ ક્રમાક (૨૮૮૩)**: સત્તામંડળના સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી. | વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળના સને ૨૦૨૨-૨૩ ના વાર્ષિક હિસાબો તા. ૨૫.૧૦.૨૩ ના પત્ર UDA/ACCT/22-23/507/2023 થી શ.વિ.વિ તથા AG રાજકોટ ને મોકલી આપેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૯ | ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે થયેલ ખર્ચને બહાલી આપવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૮૪ )** : ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે તથા તે માટેના રૂ. ૫૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંચાવન લાખ) ના ખર્ચને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે સદર કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. |
| ૧૦ | પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૪૯ ખાતે કરવાની થતી વધારાની કામગીરીની મંજુરી બાબત | **ઠરાવ ક્રમાંક (૨૮૮૫ )** : પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ ના એફ.પી. ૧૪૯ ખાતે કમ્પાઉન્ડ વોલ અને માટીપુરાણની વધારાની કરવાની થતી કામગીરીના ખર્ચ રૂ. ૮,૦૫,૦૦૦/- (અંકે રૂપિયા આઠ લાખ પાંચ હજાર પુરા) અને સદર કામગીરી હયાત ઈજારદારશ્રી મે. ડી. એચ. પટેલ, સુરત પાસે કરાવવા માટેની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે સદર કામગીરીને મંજુરી આપતા ઇજારદારશ્રી દ્વારા સદર કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે. |
| ૧૧ | વુડા હદના પૂર્વ વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક નાખવાની કામગીરી બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૮૬ )** : વુડા હદના પૂર્વ વિસ્તારમાં આવેલ સિકંદરપુરા, સયાજીપુરા, હનુમાનપુરા, અણખોલ, ખટંબા ગામોમાં ડ્રેનેજ નેટવર્કની કામગીરી માં વધારાની કામગીરી તથા ખોદાણની કેટલીક આઈટમોમાં SOR રેટથી ૩૨.૨૨% Below પ્રમાણે કરવામાં આવેલ કામગીરીને તથા તે માટે રૂ. ૩૧,૬૧,૧૩૦/- (અંકે રૂપિયા એકત્રીસ લાખ એકસઠ હજાર એકસો ત્રીસ પુરા) ના ખર્ચને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી ને સુપ્રત કરવા ઠરાવવામાં આવ્યું. | થયેલ ઠરાવ પરત્વે કામગીરી ઇજારદારશ્રી દ્વારા પુર્ણ કરવામાં આવેલ છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | મોજે. અટલાદરા તા.જી.વડોદરા, રે.સ.નં ૧૦૨/૧ વાળી જમીનમાં ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ (૧૯) હેઠળ ઝોન ફેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક (૨૮૮૭) :** બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે. અટલાદરાના રે.સ.નં.૧૦૨/૧ વાળી જમીનને નોન ઓબ્નોક્ષીયસ ઔદ્યોગિક ઝોનમાંથી અન્ય રહેણાંક ઝોન (આર-૧) માં ઝોન ફેર કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | તા.૨૬/૦૯/૨૦૨૩ ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવામા આવેલ છે. |
| ૧૩ | મોજે. નાગરવાડા, રે.સ નં ૧૧૦/૩ વાળી જમીનમાં વુડાની વિકાસ યોજનામાં દર્શાવેલ પબ્લીક ઇન્સ્ટીટયુશનલ પર્પઝ ફોર એમ.એસ.યુ. ઝોન રદ કરી ઝોન ફેર કરવા બાબત. | **ઠરાવ ક્રમાંક ( ૨૮૮૮) :** બોર્ડ બેઠકના સર્વ સભ્યશ્રીઓ દ્વારા ચર્ચા વિચારણાનાં અંતે ઉપરોકત મુદ્દાની વિગતો ધ્યાને લઇ, મોજે. નાગરવાડા, રે.સ.નં.૧૧૦/૩ વાળી જમીનમાં પબ્લીક ઇન્સ્ટીટયુશનલ હેતુ ફોર એમ.એસ.યુ" માંથી "પ્રતિબંધિત ઝોન-૦૧" માં ઝોન ફેર કરવા બાબતે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૧૯ હેઠળ વિકાસ યોજનામાં સુધારો કરવાની દરખાસ્ત સરકારશ્રીમાં પાઠવી આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં આવી. | તા.૨૬/૦૯/૨૦૨૩ના પત્રથી સરકારશ્રીમાં દરખાસ્ત પાઠવવામા આવેલ. જેમાં તા.૨૮/૧૧/૨૦૨૩ ના જાહેરનામાથી સરકારશ્રી દ્વારા પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. |
| ૧૪ | નગર રચના યોજનાનં. ૨ (સમા-દુમાડ-વેમાલી) ની બીફોર એવોર્ડની દરખાસ્તો અન્વયે રસ્તા તથા સત્તામંડળના અનામત પ્લોટો બાબતે | **ઠરાવ ક્રમાંક (૨૮૮૯) :** બોર્ડના સર્વ સભ્યોશ્રી સાથે ચર્ચા વિચારણા બાદ હાલમાં પાઠવેલ યોજનાની બીફોર એવોર્ડની દરખાસ્તએ તત્કાલીન પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રી દ્વારા પઠવાયેલ હોઇ | બોર્ડ દ્વારા ઠરાવ્યા અનુસાર સદર યોજનાની બીફોર એવોર્ડની દરખાસ્ત પરત કરવામાં આવેલ તથા નવા ન.ર.અ. શ્રી દ્વારા પુનઃ ચકાસણી કરી પાઠવવા જણાવવામાં આવેલ. |

| | | | |
|---|---|---|---|
| | તથા સરકારશ્રીના તા.૨/૧૧/૨૦૨૨ ના યોજના વિસ્તારમાં ૧% પાર્કીંગ અનામત રાખવાની સુચના અન્વયેની દરખાસ્તોને પરામર્શ / અભિપ્રાય આપવા બાબત. | તેમજ તેઓ નિવૃત થયેલ છે. તથા સરકારશ્રી દ્વારા હાલમાં નવા નિયુકત પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રીની નિમણુંક કરેલ હોય, અત્રેથી પરામર્શ આપ્યા બાદ જો નવા નિયુકત પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રી ફેર સુધારા કરે તો તે કિસ્સામાં પુન: પરામર્શ લેવાનો રહે છે. જેથી સમગ્ર નગર રચના યોજનામાં એક સુત્રતા જળવાઇ રહે તથા કામગીરી બેવડાય નહીં તે હેતુથી નવા નિયુકત પ્રવર નગર નિયોજકશ્રી અને નગર રચના અધિકારીશ્રીને બીફોર એવોર્ડની દરખાસ્તનો ફેર ચકાસણી કરી અત્રેનો પરામર્શ લેવા જણાવી; હાલે પાઠવેલ દરખાસ્ત પરત કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે. તથા આ અંગેની તમામ કાર્યવાહી કરવા મુખ્ય કારોબારી અધિકારીને અધિકૃત કરવા ઠરાવવામાં આવેલ છે. | |
| ૧૫ | અધ્યક્ષ સ્થાનેથી....... વડોદરા શહેરી વિકાસ સત્તામંડળને સંપ્રાપ્ત થતાં પ્લોટનો સામાજિક પ્રસંગો અને તહેવારોના ઉપયોગમાં ભાડેથી પ્લોટ આપવા બાબત | <u>**ઠરાવ ક્રમાંક (૨૮૯૦) :**</u> વુડા હસ્તકની નવી રચાયેલ/રચાનાર નગર રચના યોજનાઓમાં વુડાને સંપ્રાપ્ત થનાર પ્લોટનો નિકાલ/વપરાશ કરી વુડાની આવક ઉભી કરી શકાય તેમ છે. તેમજ સામાજિક પ્રસંગો અને વારતહેવારો માટે ઉપયોગ થઈ શકે તેમ છે તેમજ નવરાત્રી જેવા મહોત્સવના હેતુથી વડોદરા મહાનગર પાલિકા જે નીતિથી વપરાશકારોને ઉપયોગ કરવા માટે આપવામાં આવે છે. તે નીતિ વુડામાં અમલવામાં મૂકવા ઠરાવવામાં આવે છે. અને આ અંગેની કરવાની થતી સઘળી કાર્યવાહીની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને આપવા ઠરાવવામાં આવ્યું. | **થયેલ ઠરાવ મુજબ વુડા ને** સંપ્રાપ્ત થતાં પ્લોટ સામાજિક તથા ધાર્મિક તહેવારોમાં ભાડેથી પ્લોટ આપવા અંગે મોજે વેમાલી ટી.પી-૧ એફ.પી નં ૮૮ માં ટોકન ભાડું પ્રતિદિન રૂ. ૧/- પ્રમાણે નવરાત્રિ મહોત્સવ-ગરબા માટે આપવામાં આવેલ છે. |

**મુદ્દા નંબર.(૩): મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન જમીનનાં ડીસ્ટ્રીક કોર્ટનાં LAR NO.125 /2009 અને LAR NO.129/2009 માં કોર્ટના હુકમ મુજબ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- કોર્ટમાં જમા કરાવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા વુડાના ટ્રાન્સપોર્ટનગરના હેતુ માટે મોજે હરણી વળતર કેસ નં.૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સ.નં. ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૨૧ પૈકી , ૩૨૧, ૫૮૮/૧, ૫૮૮/૨, ૫૮૯, ૫૯૦ ની કુલ હે-૨૦-૮૫-૨૮ જમીનો વળતરથી સંપાદન કરવામાં આવેલ છે. જમીન માલિકોએ ડીસ્ટ્રીક કોર્ટમાં કલમ-૧૮ હેઠળ વધુ વળતર માટે રેફરન્સ કરેલ છે. જેનાં LAR NO.123 /2009 થી LAR NO.129/2009 માં વડોદરા સીનીયર સિવિલ જજ સાહેબના હુકમ તા.૨૮/૦૨/૨૦૨૩ ચુકાદો આપવામાં આવેલ છે જે હુકમ મુજબ વધારાના ચૂકવવાના વળતર અંગે ખાસ જમીન સંપાદન અધિકારી, એકમ-૧, વડોદરા પાસેથી અહેવાલ મેળવતા તા.૧૯/૧૦/૨૦૨૩ ના ગણતરી પત્રક મુજબ રૂ.૧૦,૬૯,૭૮,૬૩૦/- (અંકે રૂપિયા દસ કરોડ ઓગણસીત્તેર લાખ ઇઠયોત્તેર હજાર છસો ત્રીસ પુરા) કોર્ટમાં જમા કરાવવાના થાય છે. જે પૈકી રૂ. ૭,૯૬,૯૧,૧૨૩/- કોર્ટમાં તા.૨૬/૧૦/૨૦૨૩ નાં રોજ જમા કરવામાં આવેલ છે. હાઇકોર્ટમાં સ્ટે એપ્લીકેશન ૩૬૦૯/૨૦૨૩ અને ૩૬૧૭/૨૦૨૩ના ઓરલ ઓર્ડર મુજબ નામદાર કોર્ટમાં છ સપ્તાહના સમયગાળા દરમ્યાન ડિસ્ટ્રિક્ટ કોર્ટના ચુકાદા લેન્ડ રેફરન્સ નં. ૧૨૫/૨૦૦૯ અને ૧૨૯/૨૦૦૯ની વળતરની રકમ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- ચેક નં.૦૧૨૯૪૯ તા.૧૬/૨/૨૦૨૪ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ જમા કરવામાં આવેલ છે. કોર્ટમાં જમા કરાવેલ રકમ રૂ. ૨,૭૨,૮૭,૫૦૭/- અંગે થયેલ કાર્યવાહીને બહાલી મળવા વુડા બોર્ડ બેઠક સમક્ષ રજુ થયેલ છે જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ ક્રમાંક (૨૯૧૫) :** મોજે હરણી વળતર કેસ નં. ૨૧/૯૫ એવોર્ડ તા.૩૧/૧૨/૧૯૯૭ થી સંપાદન થયેલ જમીનો અંગે એલ. એ. આર. નં. ૧૨૩/૨૦૦૯ થી ૧૨૯/૨૦૦૯માં વડોદરા સીનીયર સિવિલ જજ સાહેબના તા.૨૮/૦૨/૨૦૨૩ ચુકાદા મુજબ વળતરની રકમ કોર્ટમાં જમા કરાવવા ના.હાઇકોર્ટના સ્ટે એપ્લીકેશન નંબર. ૩૬૦૯/૨૦૨૩ અને ૩૬૧૭/૨૦૨૩ ઓરલ ઓર્ડર મુજબ ડિસ્ટ્રિક્ટ કોર્ટ લેન્ડ રેફરન્સ નં.૧૨૫/૨૦૦૯ અને ૧૨૯/૨૦૦૯ના ચુકાદા મુજબની વળતરની રકમ રૂ.૨,૭૨,૮૭,૫૦૭/- ચેક નં.૦૧૨૯૪૯ તા.૧૬/૨/૨૦૨૪ નામદાર ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં તા.૧૯/૦૨/૨૦૨૪ના રોજ જમા કરવામાં આવેલ છે. જે કાર્યવાહીને બહાલી આપવા ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર : (૦૪) સત્તામંડળનું સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષનું સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૪-૨૫ નું અંદાજપત્રને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૪-૨૫ના અંદાજપત્ર આ સાથેના પત્રકમાં સામેલ રાખેલ છે. જે સત્તામંડળની બહાલી માટે રજૂ કરેલ છે.

**ઠરાવ ક્રમાંક (૨૯૧૬):** વડોદરા શહેરી વિકાસ સત્તામંડળના સને ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષના સુધારેલ અંદાજપત્ર તથા સને ૨૦૨૪-૨૫ ના અંદાજપત્ર બોર્ડ બેઠકમાં રજુ કરવામાં આવેલ. આ વડોદરા શહેરી વિકાસ સતામડળના નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ ના સુધારેલ અંદાજપત્ર અને નાણાકીય વર્ષ-૨૦૨૪-૨૫ ના અંદાજપત્ર ને સર્વાનુમતે બહાલી આપવામાં આવેલ.

**મુદ્દા નંબર : (૦૫) ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંક કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની તા. ૨૦-૯-૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક ૨૫૦૫ અન્વયે તથા એ. જી. રાજકોટ ની સુચના મુજબ ટેન્ડર પદ્ધતિ થી ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મ DGSM & CO. ને ના.વ. ૨૦૧૯-૨૦ થી વુડા ના ઇન્ટરનલ ઓડીટર તરીકે નિમણૂંક કરવામાં આવેલ. ટેન્ડર ની શરતો મુજબ ઉપરોકત ફર્મની કામગીરી નો સમય પુર્ણ થયેલ હોય, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ થી નવા ટેન્ડર બહાર પાડી ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણૂંકની કરવાની થાય છે. આથી નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નાણાંવિભાગ ના તા.૧૬/૦૯/૨૦૧૯ તથા તા. ૦૮/૦૬/૨૦૨૦ ના ઠરાવો ની જોગવાઈઓ ને પરિપુર્ણ કરતી CA FIRMS ને INTERNAL AUDIT, ANNUAL ACCOUNTS, IT/GST & ALL DIRECT / INDIRECT TAXES RELETED RETURNS, CORRESPONDENCE & LIAISONING વગેરે તમામ કામગીરી સોપવા તથા ICAI ની ગાઈડ લાઈન મુજબ મીનીમમ ફીસ રૂ. ૪,૮૦,૦૦૦/- નુ ટેન્ડર પ્રક્રિયા કરી નિર્ણય લેવા બોર્ડ સમક્ષ મુદ્દો રજુ કરેલ છે.

**<u>ઠરાવ ક્રમાંક (૨૯૧૭) :</u>** સત્તામંડળ ના નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નાણાંવિભાગ ના તા.૧૬/૦૯/૨૦૧૯ તથા તા. ૦૮/૦૬/૨૦૨૦ ના ઠરાવો ની જોગવાઈઓ ને પરિપુર્ણ કરતી CA FIRMS ને INTERNAL AUDIT, ANNUAL ACCOUNTS, IT/GST & ALL DIRECT / INDIRECT TAXES RELETED RETURNS, CORRESPONDENCE & LIAISONING વગેરે તમામ કામગીરી સોપવા તથા ICAI ની ગાઈડ લાઈન મુજબ મીનીમમ ફીસ રૂ. ૪,૮૦,૦૦૦/- રકમ નુ ટેન્ડર પ્રક્રિયા કરી સી.એ. ફર્મ ની નિમણુંક કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું, અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નંબર (૦૬) : પ્રિ ઓડીટ કરવા અર્થે ચાર્ટડ એકાઉન્ટન્ટ ફર્મની નિમણુંક કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં થતા તમામ મૂડી તથા મહેસુલી ખર્ચાઓ ચુકવણી પહેલા પ્રિ ઓડીટ કરવાની પદ્ધતિ અમલ માં છે. વુડાના હિસાબી અધિકારીશ્રી વર્ગ-૨ ને પ્રિ-ઓડીટ ની કામગીરી સોપાયેલ હતી પરંતુ હાલ માં વુડાની હિસાબી શાખા માં હિ. અધિકારી વર્ગ-૨ ની જગ્યા ૨ વર્ષથી ખાલી છે. નાયબ હિસાબનીશની ૨ મંજુર જગ્યાઓ પૈકી બંને ખાલી છે. આથી પ્રિ-ઓડીટ ની કામગીરીને ગંભીર અસર પડે છે. વુડાનુ સને ૨૦૨૩-૨૪ વર્ષ નું અંદાજીત ખર્ચ રૂ. ૪૫૦ કરોડ થાય એવું અનુમાન છે અને સને ૨૦૨૪-૨૫ નું અંદાજીત ખર્ચનું બજેટ રૂ. ૫૬૦ કરોડ ઉપરાંત નું છે. આથી નાણાંકીય વ્યવહારોની યોગ્ય ચકાસણી માટે પ્રિ-ઓડીટ ની કામગીરી સુચારુ રીતે થાય એ હિતાવહ છે. આ બાબતે અન્ય સત્તામંડળ જેમ કે સુડા, ગુડા, **SOU** ઓથોરીટી સાથે ટેલિફોનીક ચર્ચા માં જાણવા મળેલ કે આ બધી ઓથોરીટીમાં **CA** ફર્મ દ્વારા પ્રિ-ઓડીટ ની કામગીરી અમલમાં છે. તમામ સત્તામંડળમાં મોટી રકમ ના નાણાંકીય ચૂકવણાં થતા હોય, મૂડીગત બીલો ના ચૂકવણાં માં ટેન્ડર ની શરતો મુજબ બીલ ની ખરાઈ કરવા તથા નાણાંકીય શિસ્ત, ચીવટ અને સરકારી નાણાં નો એકદમ યોગ્ય રીતે ખર્ચ થાય એ હેતુ થી **CA** ફર્મ પાસે પ્રિ-ઓડીટ કરાવવામાં આવે છે. આથી અત્રેની કચેરી ખાતે પણ પ્રિ-ઓડીટ માટે નાણાંવિભાગ ના તા.૧૬/૦૯/૨૦૧૯ તથા તા. ૦૮/૦૬/૨૦૨૦ ના ઠરાવો ની જોગવાઈઓ ને પરિપુર્ણ કરતી **CA FIRMS** ની નિમણુંક કરવા તથા **ICAI** ની ગાઈડ લાઈન મુજબ મીનીમમ ફીસ રૂ. ૨,૫૦,૦૦૦/- નું ટેન્ડર પ્રક્રિયા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વે બોર્ડના સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય લેવા બોર્ડ સમક્ષ રજૂ કરેલ છે.

ઠરાવ ક્રમાંક (૨૯૧૮): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં થતા તમામ મૂડી તથા મહેસુલી ખર્ચાઓ ચુકવણી પહેલા પ્રિ ઓડીટ કરવા માટે અન્ય સત્તામંડળ જેમ કે સુડા, ગુડા, **SOU** ઓથોરીટીમાં **CA** ફર્મ દ્વારા પ્રિ-ઓડીટ ની કામગીરી અમલમાં છે,તે મુજબ નાણાંવિભાગ ના તા.૧૬/૦૯/૨૦૧૯ તથા તા. ૦૮/૦૬/૨૦૨૦ ના ઠરાવો ની જોગવાઈઓ ને પરિપુર્ણ કરતી **CA FIRMS** ની નિમણુંક કરવા તથા **ICAI** ની ગાઈડ લાઈન મુજબ મીનીમમ ફીસ રૂ. ૨,૫૦,૦૦૦/- નું ટેન્ડર પ્રક્રિયા કરી સી.એ. ફર્મ ની નિમણુંક કરવા અંગે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું, અને આ અંગેની આગળની કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય કારોબારી અધિકારી વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં :- (૦૭) વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય કામગીરીને બહાલી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ અંતર્ગત કરવામાં આવતા ડેવલોપમેન્ટના કામો માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈની નિમણુંક થયેલ છે. જેમાં સદર કામગીરી માટે બહાલી મેળવવાની થાય છે. જેની વિગત નીચે મુજબ છે.

| અનુ. નં. | કામગીરીની વિગત |
|---|---|
| (૧) | પૂર્વ વિસ્તારમાં આવેલ ખટંબા ગામે સરકારશ્રીમાંથી કરેલી દરખાસ્તમાં ગ્રાન્ટ મળ્યેથી તળાવ બ્યુટીફીકેશન કરવાની કામગીરી. |
| (૨) | વડોદરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ખાનપુર ટી.પી. માં સ્પોર્ટ સંકુલ બનાવવા માટેના ખર્ચ અંગે સરકારશ્રીમાંથી ગ્રાન્ટ મળ્યેથી કામગીરી કરવા માટેની કામગીરી |
| (૩) | વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં વડોદરા થી વાઘોડિયા જતા રસ્તા (૬.00 કી.મી) તથા પશ્ચિમ વિસ્તારમાં ઉંડેરા-કોયલી રોડ (૨.૪ કી.મી) ના મીડિયનમાં યુનિપોલ હોર્ડીંગ્સ લગાવવા માટે ઇજારદારની નિમણૂક કરવા તથા તેઓ પાસે સ્ટ્રીટ લાઈટના MGVCL બીલ તથા પ્લાન્ટેશનની માવજત મરામત જેવી કામગીરી |
| (૪) | પશ્ચિમ વિસ્તારમાં સમિયાલા ટી.પી. તથા ભાયલી ટી.પી. માં વુડા દ્વારા બનાવવામાં આવેલ વરસાદી કાંસને સ્લેબ થી કવર કરવાની કામગીરી |

વધુમાં વડોદરા શહેરી વિકાસ સત્તામંડળમાં ડ્રાફ્ટ લેવલે મંજૂર થયેલ કુલ 0૩ ટી.પી. સ્કીમો (૧) મોજે આમોદર ટી.પી.સ્કીમ નં. ૦૧ માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી (૨) મોજે આમલીયારા ટી.પી.સ્કીમ નં. ૨૯/બી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી (૩) મોજે રતનપુર ટી.પી.સ્કીમ નં. ૨૬/ડી માં કાર્પેટ રોડ તેમજ મુખ્ય રસ્તાઓ પર સ્ટ્રોમ વોટર લાઈન નાખવાની કામગીરી તથા (૪) વુડા વિસ્તારના વડોદરા જબુંસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગ રોડ બનાવવાના કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થયેલ છે. સદર કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયામાં વુડા વિસ્તારમાં જેતે સમયે મંજૂરી અર્થે મોકલવામાં આવેલ ટી.પી. માં પણ રસ્તાની કામગીરી કરી શકાય તે મુજબનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ટી.પી.સ્કીમ નં. ૨૮/એ, ૨૮/બી, ૨૮/સી તથા ૨૬/એ અને ૨૬/બી વગેરેનો સમાવેશ થાય છે. સદર કામગીરી સિવાય વડોદરા આજવા રોડ થી શરૂ થઈને વડોદરા ડભોઈ રોડને જોડતો રિંગરોડમાં આવેલ અંશતઃ લંબાઈનો પણ સમાવેશ કરેલ છે. આમ ઉકત વિગત ધ્યાને લઈ સદર કામગીરી માટે ટેન્ડરની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ હોય, આથી સદર કામગીરીને બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૧૯)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાના ઈન્ફ્રાસ્ટ્રકચર તથા અન્ય કામગીરીમાં કરવાની થતી ડેવલોપમેન્ટની કામગીરી માટે પી.એમ.સી. તથા ટી.પી.આઈની નિમણુંક થયેલ હોય, જેમાં ઉકત જણાવેલ અનુક્રમ નં. ૧ થી ૪ માં જણાવેલ કામગીરી કરવા માટે બહાલી આપવામાં આવી તથા બાકી જણાવેલ ટી.પી.સ્કીમોમાં રોડની કામગીરી કરવા ખર્ચની બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં. (૦૮ ) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઈન્ફ્રાસટ્રકચર તથા અન્ય કામગીરીના ખાતમુહર્ત તથા લોકાર્પણની કામગીરીમાં ફરાસખાના તથા અન્ય આનુસંગિત કામગીરી માટે થનાર ખર્ચને બહાલી આપવા બાબત.**

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ અંતર્ગત ચાલતા ઈન્ફ્રાસ્ટ્રકચરની કામગીરી જેવી કે, રોડ-રસ્તા, પાણી, કાંસ, ડ્રેનેજ, તળાવ બ્યુટીફિકેશન, ગાર્ડન તથા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વખતોવખત ખાતમુહર્ત તથા લોકાર્પણની કામગીરી માન. પ્રધાનમંત્રીશ્રી, માન. મુખ્યમંત્રીશ્રી તથા અન્ય મહાનુભવોના વરદ હસ્તે કરવાની થાય છે. જે અંતર્ગત ફરાસખાના તથા અન્ય આનુસંગિત કામગીરી કરવા માટેનો થનાર ખર્ચની બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

ઠરાવ ક્રમાંક (૨૯૨૦) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા ઈન્ફ્રાસટ્રકચર તથા અન્ય કામગીરીના ખાતમુહર્ત તથા લોકાર્પણની કામગીરીમાં ફરાસખાના તથા અન્ય આનુસંગિત કામગીરી માટે થનાર ખર્ચને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં. (૦૯):- વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવા માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા "વુડા ભવન" બિલ્ડીંગનું બાંધકામ વર્ષ-૨૦૦૦ માં કરવામાં આવેલ છે. સદર બિલ્ડીંગ લગભગ ૨૦ વર્ષ કરતા પણ વધુ જૂની છે. જેમાં પ્રથમ માળ, બીજો માળ અને ચોથા માળનો એક રૂમમાં વુડા ઓફિસ આવેલી છે. તે ઉપરાંત વુડાની ઓફિસમાં એન્જીનીયરીંગ શાખા, ટેકનીકલ શાખા, હિસાબી શાખા, વહીવટી શાખામાં વિવિધ અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓ ફરજ બજાવે છે. વુડાની ઓફિસમાં કેટલીક રૂમોમાં કલર નીકળી ગયેલ હોય, ફોલ સિલીંગના પી.ઓ.પી. માં તિરાડો પડેલ હોય અને વરસાદી ભેજ આવે છે. અગાઉ વુડા ઓફિસની વિવિધ શાખાઓમાં અધિકારીશ્રીઓ તથા કર્મચારીશ્રીઓની જગ્યા ખાલી હતી. જેથી બેસવાની તકલીફ પડતી ન હતી. પરંતુ હાલ વુડા ઓફિસમાં અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓની જગ્યા છેલ્લા ૦૧ વર્ષથી ભરાયેલ છે. જેથી વુડા ઓફીસમાં અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓને બેસવાની યોગ્ય જગ્યા માટે તથા કચેરીમાં કરવામાં આવતી કામગીરીના દસ્તાવેજની જાળવણી અને નિભાવણી માટે જરૂરીયાત મુજબ રેકોર્ડ રૂમ બનાવવા અંગે વુડાની વિવિધ શાખાઓમાંથી રજૂઆત આવેલ છે. વુડા ઓફિસના બીજા માળ ઉપર બેસવા માટે રૂમોની અને રેકોર્ડ રૂમની જગ્યા નાની છે. વુડા ઓફિસના બીજા માળ ઉપર બહારના ભાગે ખુલ્લી જગ્યા છે. તે ખુલ્લી જગ્યાનો કોઈ વપરાશ નથી. આથી ખુલ્લી જગ્યાનો ઉપયોગ કરી રૂમનું વિસ્તરણ કરવા અત્રે દ્વારા સર્વે કરી અંદાજીત ૧.૪૦ કરોડ + GST નો અંદાજપત્ર તૈયાર કરી વુડા બોર્ડ બેઠકની મંજુરીની અપેક્ષાએ વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણકરવા ઓનલાઈન ટેન્ડર પ્રકિયા હાથ ધરવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત વિગતે વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવાની કામગીરી માટે અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા માટે તથા તે માટે થનાર ખર્ચને મંજૂરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૧) :** વુડા ભવનના બીજા માળ ઉપર આવેલ ઓપન ટેરેસની જગ્યાનો ઓફીસો બનાવવા અર્થે ઉપયોગ કરી બીજા માળનું વિસ્તરણ કરવાની કામગીરી માટે અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે અંગે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૧,૪૦,૦૦,૦૦૦/- + GST ના ખર્ચને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૦ ) : મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/એ (ખાનપુર-અંકોડીયા-મહાપુરામાં ટી.પી. વિસ્તાર) અને મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/બી માં (ગોકુલપુરા-રાયપુરામાં ટી.પી. વિસ્તાર), મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી, મોજે સમિયાલા-બીલ ટી.પી. સ્કીમ નં. ૨૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા ખલીપુર ખાતે વુડા અને વી.એમ.સી. ની સંયુક્ત ભાગીદારીથી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા મંજુર થયેલ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમોમાં રોડ-રસ્તા, ડ્રેનેજ, પાણી, વરસાદી ગટર જેવા માળખાગત સુવિધાના કામો કરવામાં આવે છે. હાલમાં વુડા દ્વારા મંજુર થયેલ ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/એ (ખાનપુર-અંકોડીયા-મહાપુરામાં ટી.પી. વિસ્તાર) , મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/બી માં (ગોકુલપુરા-રાયપુરામાં ટી.પી.સ્કીમ વિસ્તાર), મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી, મોજે સમિયાલા-બીલ ટી.પી. સ્કીમ નં. ૨૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્કની કામગીરી તથા તેને લગત પંપીગ સ્ટેશન, પ્રેશર લાઈન, તથા ખલીપુર ખાતે 60 MLD STP ની કામગીરી કરવાની થાય છે. જેમાં વુડા વિસ્તારના 30 MLD તથા વડોદરા મહાનગર પાલિકા ડ્રેનેજ વરસાદી ગટર પ્રોજેકટ શાખાના પત્ર ક્રમાંક નં.૩૦૫૬/૨૦૨૩-૨૪, તા.૧૦/૧૧/૨૦૨૩ ને આધિન વડોદરા મહાનગર પાલિકા વિસ્તારના 30 MLD નો સમાવેશ થાય છે. વડોદરા મહાનગર પાલિકા સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક નં.૧૩૪, તા.૨૬/૧૦/૨૦૧૮ અનુંસાર વુડા વિસ્તારના તેમજ વડોદરા મહાનગર પાલિકા વિસ્તારના ડ્રેનેજના કામો સાથે રહીને સયુંકત પ્રોજેકટ કરી નવીન STP, MPS, ડ્રેનેજ નેટર્વકના કામો કરવા મંજુરી મળેલ છે. જે અન્વયે વુડા અને વડોદરા મહાનગરપાલિકાની સયુંકત ભાગીદારીથી મોજે ખલીપુર ખાતે બનાવવામાં આવનાર STP, પંપીગ સ્ટેશન તથા પ્રેશર લાઈનની કામગીરી માટે વડોદરા મહાનગર પાલિકા પાસેથી વડોદરા મહાનગર પાલિકા સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક નં.૧૩૪, તા.૨૬/૧૦/૨૦૧૮ અનુંસાર કુલ ખર્ચ ની રકમના ૫૦% મુજબ વરાડે પડતો ખર્ચ લેવાનો થાય છે. સદર કામગીરી માટે વુડાની ટી.એસ. કમીટી ધ્વારા રૂ. ૨૨૩.૧૩ કરોડ + GST ના અંદાજોને તાંત્રિક મંજુરી આપવામાં આવેલ છે. જે પરત્વે અત્રેની કચેરી ધ્વારા સદર કામગીરી કરવા માટે તથા ટેન્ડર બહાર પાડવા માટે વુડા બોર્ડ બેઠકની મંજૂરીની અપેક્ષાએ ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**ટેન્ડર રકમ રૂ. ૨૧૨,૫૫,૭૪,૫૮૪.૧૨**

| Sr. No | Name of Agency | Quoted Tender Amount | % Above /Below | Remark |
|---|---|---|---|---|
| 1. | Shiwalay Infra Projects Pvt. Ltd. , Vadodara | 275,66,30,896.78 | 29.69 % Above | L1 |
| 2. | Khilari Infrastructure Pvt. Ltd., Navi Mumbai | 299,11,68,452.24 | 40.72% Above | L2 |

ઉપરોકત વિગતે સદર કામગીરી માટે સૌથી ઓછા ભાવ આપનાર ઈજારદારશ્રી **Shiwalay Infra Projects Pvt. Ltd. , Vadodara (L1)** દ્વારા અંદાજીત રકમથી 29.69 % Above વધુના ભાવથી કામગીરી કરવા માટે ભાવો આપવામાં આવેલ છે. ઈજારદારશ્રી જોડે ભાવ ઘટાડવા માટે નેગોશીયેશન કર્યા બાદ વુડાની ટેન્ડર કમીંટી દ્વારા અંદાજીત રકમથી 20.75% Above વધુના ભાવથી કામગીરી કરવા માટેની ટેન્ડર ઓફરને મંજુરી આપવામાં આવેલ છે. જે મુજબ સદર કામગીરી માટે અંદાજીત રૂ. ૨૫૭ કરોડ + GST નો

(પાછળ)

ખર્ચ થાય તેમ છે. આમ ઉપરોકત વિગતે અત્રેની કચેરી ધ્વારા સદર કામગીરી કરવા માટે તથા ટેન્ડર બહાર પાડવા માટે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા તથા તે અંગે થનાર ખર્ચ અને વડોદરા મહાનગરપાલિકા પાસેથી કામગીરીની પ્રગતિ અનુસાર વરાડે પડતો ખર્ચ અત્રે જમા લેવા મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૨)** : મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/એ (ખાનપુર-અંકોડીયા-મહાપુરામાં ટી.પી. વિસ્તાર) અને મોજે ટી.પી.સ્કીમ નં. ૨૪/બી માં (ગોકુલપુરા-રાયપુરામાં ટી.પી. વિસ્તાર), મોજે ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી, મોજે સમિયાલા-બીલ ટી.પી. સ્કીમ નં. ૨૧ માં અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ નેટવર્ક તથા ખલીપુર ખાતે વુડા અને વી.એમ.સી. ની સંયુક્ત ભાગીદારીથી સુવેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી માટે ટેન્ડર બહાર પાડવા તથા સદર કામગીરી કરવા માટે બહાલી આપવામાં આવી તેમજ તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવામાં આવી તથા તે અંતર્ગત વુડા અને વડોદરા મહાનગરપાલિકાની સંયુકત ભાગીદારીથી થનાર STP , પંપીગ સ્ટેશન,પ્રેસર લાઈન , o&m, pmc & TPI ફી તથા અન્ય Miscellaneous item ની કામગીરી માટે વડોદરા મહાનગરપાલિકા પાસેથી કામગીરીની પ્રગતિ અનુસાર ૫૦ % વરાડે પડતો ખર્ચ વુડામાં જમા લેવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૧) :** વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ (રેલ્વેનો ઉપરનો ભાગ), ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી, કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ તથા અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૧ વગેરે ટી.પી.સ્કીમોમાં વી.એમ.સી. સાથે રહીને સંયુકત ભાગીદારીથી બનાવવામાં આવનાર STP, MPS તથા પ્રેસર લાઈનની કામગીરી માટેની ૫૦% રકમ વી.એમ.સી. માં જમા કરાવવા બાબત.

વુડા દ્વારા વિવિધ નગર રચના યોજનાઓમાં ડ્રેનેજ નેટવર્કની કામગીરી પ્રગતિ હેઠળ છે. વુડા બોર્ડ બેઠક નં. ૨૩૭ ના ઠરાવ ક્રમાંક ૨૫૨૧ માં વુડા તથા વી.એમ.સી. સાથે સંયુકત આયોજન કરી STP, ડ્રેનેજ નેટવર્કની કામગીરી વુડા તથા વી.એમ.સી. ની ભાગીદારીથી કરવા ઠરાવવામાં આવ્યુ. જેમાં વુડા દ્વારા અગાઉ ભાયલી ટી.પી.સ્કીમ નં. ૧ થી ૫, સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧ થી ૩ માં ડ્રેનેજ નેટવર્કની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. સદર વિસ્તારનું મલિનજળ વી.એમ.સી. દ્વારા બનાવેલ ભાયલી ખાતે ૪૫ MLD STP માં નાખવા માટે વુડા દ્વારા વી.એમ.સી. માં વરાડે પડતો ખર્ચ જમા કરાવેલ છે. હાલ વી.એમ.સી. દ્વારા શેરખી ખાતે ૧૦૦ MLD ની ક્ષમતાનો STP બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જેમાં કોર્પોરેશન વિસ્તારની ટી.પી.સ્કીમનું મલિનજળ તથા વુડા વિસ્તારની ટી.પી.સ્કીમો મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ (રેલ્વેનો ઉપરનો ભાગ), ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી, કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ તથા અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૧ વગેરે ટી.પી.સ્કીમોનું મલિનજળ વી.એમ.સી. દ્વારા બનાવવામાં આવનાર શેરખી ખાતે ૧૦૦ MLD STP માં નાખવાનું તા. ૨૩/૧૨/૨૦૨૨ ના રોજ વુડા કચેરી ખાતે વી.એમ.સી. તથા વુડા સાથે થયેલ મીટીંગમાં નક્કી કરવામાં આવેલ છે. વુડા બોર્ડ બેઠક નં. ૨૩૯ મુજબ ૫૦% ભાગીદારી પેટે થનાર ખર્ચ વુડા દ્વારા વી.એમ.સી. માં જમા કરાવવા ઠરાવેલ છે. જેમાં વુડા વિસ્તારની ઉકત ટી.પી.સ્કીમોનું ૩૨ MLD મલિનજળ ૧૦૦ MLD STP માં નાખવાનું થાય છે. તે પરત્વે વી.એમ.સી. દ્વારા તા. ૨૮/૧૨/૨૦૨૩ ના પત્રથી વુડાને ૧૦૦ MLD STP માટે થનાર ખર્ચમાં પી.એમ.સી. અને ટી.પી.આઈ. નો ખર્ચ ૨.૪૯% લેખે તથા O & M માં ૧૦ વર્ષ લેખે થનાર ખર્ચ રૂ. ૭૬,૦૯,૨૩,૯૬૬/- તથા Miscellaneous Items માટે થનાર ખર્ચના ૫૦% રકમ વી.એમ.સી. માં જમા કરાવવા જણાવેલ છે.

વધુમાં વડોદરા મહાનગરપાલિકાના તા. ૧૮/૦૧/૨૦૨૪ ના પત્ર અનુસાર ભાયલી ખાતે બનાવવામાં આવનાર MPS તથા પ્રેસર લાઈન માટે થનાર ખર્ચના ૫૦% રકમ વી.એમ.સી. માં જમા કરાવવા જણાવેલ છે.

આમ, ઉકત વિગત ધ્યાને લઈ, વી.એમ.સી. દ્વારા બનાવવામાં આવનાર શેરખી ખાતે ૧૦૦ MLD STP, MPS અને પ્રેસર લાઈન તથા Miscellaneous Items થનાર ખર્ચના ૫૦% રકમ વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૩) :** વુડા વિસ્તારના મોજે ખાનપુર-સેવાસી ટી.પી.સ્કીમ નં. ૧, ખાનપુર-અંકોડિયા ટી.પી.સ્કીમ નં. ૨, સમિયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧ (રેલ્વેનો ઉપરનો ભાગ), ટી.પી.સ્કીમ નં. ૨૪/એ તથા ૨૪/બી, કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨ તથા અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૧ વગેરે ટી.પી.સ્કીમોમાં વી.એમ.સી. સાથે રહીને સંયુકત ભાગીદારીથી બનાવવામાં આવનાર ૧૦૦ MLD STP માટે થનાર ખર્ચ, PMC અને TPI માટે થનાર ખર્ચ અને O & M માટેનો ૧૦ વર્ષ લેખે થનાર ખર્ચ મળી કુલ ખર્ચના ૫૦% લેખે રૂ. ૭૬,૦૯,૨૩,૯૬૬/- તેમજ MPS અને પ્રેસર લાઈન તથા Miscellaneous Items માટે થનાર કુલ ખર્ચના ૫૦% રકમ વી.એમ.સી. માંથી વિગતવાર મળ્યેથી VMC પાસેથી કામગીરી ની પ્રગતિ અનુસાર વરાડે પડતો ખર્ચ VMC માં જમા કરાવવાની મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં.(૧૨):- વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની યોજના બાબત.**

વુડા વિસ્તારના પુર્વ તરફના ગામોને પીવાનું પાણી પુરૂ પાડવા માટે GWSSB દ્વારા 3 MLDપાણી નીમેઠા હેડવર્કસ થી રૂ. ૪/KL મુજબ પાણી ચાર્જ લઈ આપવા મંજુરી આપેલ છે. જે પરત્વે GWSSB દ્વારા રૂ. ૩.૧૭ કરોડના ખર્ચે નેટવર્ક નાખવાની કામગીરી પૂર્ણ કર્યા બાદ GWSSB દ્વારા વુડાને તા.૨૯/૦૨/૨૦૨૦ થી સુપ્રત કરવામાં આવેલ હતું. જે ઇજારામાં ૦૩ વર્ષ માટે O & M ની કામગીરીનો સમાવેશ થયેલ હતો. આજવા રોડ અને વાઘોડિયા રોડની સોસાયટીઓમાં પાણીનો જથ્થાની વધારે જરૂરિયાત હોવાથી વધારાના 2MLD પાણી પુરૂ પાડવા માટે મંજુરી મેળવી વુડા વિસ્તારની સોસાયટીઓમાં 5 MLD પાણી પુરૂ પાડવામાં આવે છે. તેમ છતાં વુડાના વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીઓ દ્વારા પીવાનું પાણી તેઓને અનિયમિત તથા તેઓની સોસાયટીઓમાં પાણી ન આવતું હોવાની વારંવાર રજૂઆત કરવામાં આવતી હતી.

આજવા રોડ તથા વાઘોડિયા રોડ પરની સોસાયટીઓમાં હાલ વુડા દ્વારા પાણી પુરવઠા આધારિત પાણી પુરૂ પાડવામાં આવે છે. જેમાં આજવા રોડ તથા વાઘોડીયા રોડની સોસાયટીઓમાં ૦૪ ઝોન કરી પાણી પુરૂ પાડવા માટેનવીન ટેન્ડર કરી સદર પાણીની કામગીરી ચાલુ રાખવા માટે પાઈપ લાઈન બદલવાનો તથા ઝોનીગ માટેના વાલ્વ મુકવા ખર્ચ રૂ. ૪૫,૨૬,૮૦૮.૨૦/- (એક વાર) તથા O & M નો ખર્ચ રૂ. ૩૦,૭૧,૩૬૧/- આમ કુલ રૂ. ૮૧,૦૦,૦૦૦.૦૦/- નો અંદાજીત એસ્ટીમેટ બનાવવામાં આવેલ છે. જેની અગાઉની બોર્ડ બેઠક ૨૫૫ ઠરાવ ક્રમાંક ૨૮૩૦ માં મંજુરી આપવામાં આવેલ. સદર વિસ્તારમાં ડેવલોપમેન્ટની કામગીરી પુર જોશમાં ચાલુ હોવાના કારણે સદર પીવાના પાણીની પાઈપલાઈનમાં વારંવાર ભંગાણનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. એક વર્ષ માટે O & Mની કામગીરી માટે રૂ. ૩૦,૭૧,૩૬૧/- અગાઉ મંજુર થયેલ જેમાં જથ્થા વધારો રૂ. ૪,૦૧,૬૨૮/- થયેલ છે અને બચત રૂ. ૬,૫૮,૫૦૬/- થયેલ છે. આમ જથ્થા વધારાના ખર્ચની મંજુરી આપવા વિનંતી છે.

સદર O & M ની કામગીરી માટે ઈજારદારશ્રી સાથે એક વર્ષનો કરાર કરવામાં આવેલ છે. જે માહે મે-૨૦૨૪માં પૂર્ણ થાય છે. આમ હજુ બીજા ચાર થી પાંચ મહિના સુધી નક્કી થયેલ O & M ની કામગીરી ઈજારદારશ્રી પાસેજ કરાવવાની થતી હોઈ, અંદાજિત રૂ. ૧૦ થી ૧૧ લાખનો ખર્ચ થાય તેમ છે. વધુમાં, ૧૧ ગામોનો પીવાના પાણીનો પ્રોજેક્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી GWSSB દ્વારા નાખેલ પાઈપલાઈનની મરામત અને નિભાવણી કરવી જરૂરી હોઈ, બીજા ૧ વર્ષ માટે અંદાજીત રૂ. ૫૦ લાખનો ખર્ચ કરવાની બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૪) :** વુડા વિસ્તારમાં વાઘોડિયા રોડ તથા આજવા રોડની આજુબાજુના વિસ્તારની સોસાયટીમાં નીમેઠા હેડવર્ક્સ મારફત પીવાનું પાણી પુરૂ પાડવાની કામગીરીમાં વધારાનો ખર્ચ, બીજા ચાર થી પાંચ મહિના સુધી નક્કી થયેલ O & M ની કામગીરીનો ખર્ચ તથા ૧૧ ગામોનો પીવાના પાણીનો પ્રોજેક્ટ પૂર્ણ ન થાય ત્યાં સુધી GWSSB દ્વારા નાખેલ પાઈપલાઈનની મરામત અને નિભાવણીની કામગીરી કરવા બીજા ૧ વર્ષ માટે અંદાજીત રૂ. ૫૦ લાખનો ખર્ચ કરવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૩) : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારો ને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરાશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં ટી.પી.સ્કીમોમાં થયેલ રહેણાંક/વાણિજય વિકાસને ધ્યાને લઈ નાગરિક સુવિધાઓના કામો પૈકી વુડા ધ્વારા વિવિધ વિસ્તારોમાં ડ્રેનેજ નેટવર્ક, STP (સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) તથા પાણી પુરવઠા યોજનાઓની કામગીરી કરવામાં આવેલ છે.જેમાં પૂર્વ વિસ્તારમાં GWSSB મારફત ૩ MLD પાણી માટે પાણી પુરવઠા નેટવર્ક તૈયાર કરાવી પાણી પુરવઠા યોજના કાર્યરત કરેલ છે. તથા પૂર્વ વિસ્તારમાં ડ્રેનેજ સુવિધા ચાલુ કરેલ છે.હાલમાં વુડા ધ્વારા વિવિધ ટી.પી.સ્કીમોમાં પાણી પુરવઠા તથા ડ્રેનેજ યોજનાની વિવિધ કામગીરીઓ પ્રગતિ હેઠળ છે તથા વિવિધ કામગીરીઓ આયોજન હેઠળ છે. જે અન્વયે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારો ને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવાની થાય છે. સદર પાણી તથા ડ્રેનેજ જોડાણ આપવા માટેની પ્રકિયા તથા વાર્ષિક મેન્ટેનન્સ અને જોડાણ ચાર્જીસની વસુલાત વડોદરા મહાનગર પાલિકાની ધ્વારા નક્કી કરવામાં આવેલ નીતિ નિયમ તથા ચાર્જીસ મુજબ કરવી યોગ્ય જણાય છે. તેમજ અત્રેની કચેરી ખાતે સદર કામગીરી કરવા માટે વહીવટી સ્ટાફની જરૂરીયાત પડે તેમ છે.

આમ ઉપરોકત વિગતે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ હદ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારો ને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વડોદરા મહાનગર પાલિકા ધ્વારા નક્કી કરવામાં આવેલ નીતિ નિયમ તથા ચાર્જીસ મુજબ વપરાશકારો પાસેથી વસુલાત કરવા તથા તે માટે અત્રેની કચેરી ખાતે આઉટસોર્સિંગથી જરૂરીયાત મુજબના વહીવટી સ્ટાફની નિમણુંક કરવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૫)** : વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં તૈયાર કરવામાં આવેલ પાણી પુરવઠા અને ડ્રેનેજ યોજનાઓમાં વપરાશકારોને પાણી અને ડ્રેનેજના જોડાણ આપવા માટે તથા યોજનાની મરામત અને નિભાવણી માટે વપરાશકારો પાસેથી ચાર્જીસની વસુલાત કરવા તથા તે માટે અત્રેની કચેરી ખાતે આઉટસોર્સિંગથી જરૂરીયાત મુજબના વહીવટી સ્ટાફની નિમણુંક કરવાની કામગીરીને મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૪) : ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે આવાસોના રી-ડેવલોપમેન્ટની કામગીરી પીપીપી ધોરણે કરવા માટે બહાલી આપવા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, મોજે ગોત્રી ખાતે વુડા દ્વારા વર્ષ-૧૯૯૯-૨૦૦૨ માં દિનદયાળ નગર વિભાગ-૧,૨ અને ૩ માં EWS આવાસોનું બાંધકામ કરવામાં આવેલ હતુ. સદર આવાસ સ્કીમોમાં દિનદયાળ નગર વિભાગ-૧ માં ૪૨ બ્લોક માં ૫૦૪ મકાનો, દિનદયાળ નગર વિભાગ-૨ માં ૧૮ બ્લોક માં ૨૧૨ મકાનો અને દિનદયાળ નગર વિભાગ-૩ માં ૫૨ બ્લોક માં ૮૦૬ મકાનો આવેલ છે. સદર આવાસોનું બાંધકામ થયે ૨૦ વર્ષથી પણ વધુ સમયગાળો થયેલ છે. જે ધ્યાને લઇ અત્રેની કચેરીના તાંત્રિક અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ દ્વારા સ્થળ મુલાકાત કરવામાં આવી હતી. સ્થળ મુલાકાત કરતા પ્રાથમિક દ્રષ્ટિએ દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ના મકાનો જર્જરીત હાલતમાં જણાઈ આવેલ છે. જે પરત્વે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ના મકાનોની સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગેના જરૂરી હોવાથી ટેસ્ટ કરીને આવાસો રહેવા લાયક છે કે કેમ તેની ચકાસણી કરવી જરૂરી માન. ચેરમેનશ્રી, વુડાની નોંધ પર મંજુરી મેળવી અત્રે દ્વારા કરવામાં આવતા વિકાસના વિવિધ કામોમાં ટેસ્ટીંગની કામગીરી કરવા માટે ઓનલાઇન-ટેન્ડર પ્રક્રિયા કરી NABL દ્વારા મંજૂર થયેલ લેબોરેટરીઓને સંદર્ભિત પત્રથી એમ્પેનલ્ડ એજન્સી **સાંઈ જીયોટેકનિકલ લેબ, વડોદરાને મોજે** દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ માં સ્ટ્રકચરલ સ્ટેબીલીટી અંગે ટેસ્ટીંગની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે. જેમાં દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ના તમામ આવાસો રહેવા યોગ્ય ન હોવાથી તોડી પાડવા જણાવેલ છે. તે મુજબ હાલ દિનદયાળ નગર વિભાગ-૧ માં ૪૨ બ્લોક માં ૫૦૪ મકાનો, દિનદયાળ નગર વિભાગ-૨ માં ૧૮ બ્લોક માં ૨૧૨ મકાનો અને દિનદયાળ નગર વિભાગ-૩ માં ૫૨ બ્લોક માં ૮૦૬ મકાનો મળી કુલ ૧૫૨૨ આવાસો તોડીને રી-ડેવલોપમેન્ટ કરવાના થાય છે. ગુજરાત હાઉસીંગ બોર્ડની રી-ડેવલોપમેન્ટ પોલીસીના નિતિનિયમો પ્રમાણે પીપીપી ધોરણે કામગીરી કરવા અંગેની નિવિદા બહાર પાડવામાં આવેલ છે તો આ કામગીરી કરવા બહાલી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૬):** ગોત્રી ખાતે દિનદયાળ નગર વિભાગ-૧, ૨ અને ૩ ખાતે આવેલ કુલ ૧૫૨૨ આવાસોને ગુજરાત હાઉસીંગ બોર્ડની રી-ડેવલોપમેન્ટ પોલીસીના નિતિનિયમો પ્રમાણે પીપીપી ધોરણે કામગીરી રી-ડેવલોપમેન્ટ કરવાની કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

મુદ્દા નં. (૧૫ ) :- વુડા વિસ્તારના ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડની બાકી લંબાઈમાં પશ્ચિમ વિસ્તારમાં મંજુર થયેલ વિવિધ ટી.પી. માંથી કામગીરી કરવા બાબત.

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર/ડ્રાફ્ટ/દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૧૨ માં આશરે ૬૬.૦૮ કી.મી. લંબાઈ ધરાવતો ૭૫.૦૦ મી. પહોડાઈનો રીંગરોડ સુચિત કરવામાં આવેલ છે. સદર રીંગરોડનું નગરરચના યોજનામાં આયોજન કરેલ છે. ૭૫.૦૦ મીટરની પહોળાઈના રીંગરોડના અમલીકરણમાં સરળતા રહે તે હેતુથી ૦૨ (બે) મુખ્ય રસ્તાઓને જોડતો લીંક કરી, ફેઝ વાઈઝ કામગીરી કરવી હીતાવહ જણાય છે. જે મુજબ હાલમાં કોયલી-સિંધરોટ અને ચાપડની હદ સુધી ધોરીમાર્ગ થી વડોદરા પાદરા રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટરની પહોળાઈનો રીંગરોડ પૈકીના લીંક રોડને પ્રથમ ફેઝમાં બનાવવાનું આયોજન કરેલ છે. જે મુજબ પ્રથમ ફેઝમાં મુસદ્દારૂપ નગરરચના યોજના સમીયાલા-બીલ-ભાયલી ટી.પી.સ્કીમ નં. ૫, સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરેલ મુસદ્દારૂપ નગરરચના યોજના સમીયાલા-બીલ ટી.પી.સ્કીમ નં. ૨૧, અંકોડીયા-ખાનપુર-સેવાસી-મહાપુરા મુસદ્દારૂપ નગરરચના યોજના નં. ૨૪/એ, મુસદ્દારૂપ નગરરચના યોજના ભાયલી-રાયપુર-ગોકુળપુરા ટી.પી.સ્કીમ નં. ૨૪/બી, મુસદ્દારૂપ નગરરચના યોજના કોયલી ટી.પી.સ્કીમ નં. ૪૨, મુસદ્દારૂપ નગરરચના યોજના ચાપડ ટી.પી.સ્કીમ નં. ૨૭/સી તથા નગરરચના યોજના બીલ ટી.પી.સ્કીમ નં. ૨૭/એ અને ૨૭/બી (વડોદરા મહાનગર પાલિકા વિસ્તાર) માં ૭૫.૦૦ મીટરના રીંગરોડનું આયોજન કરેલ છે.

- જેમાં પશ્ચિમ વિસ્તારમાં કુલ ૦૫ (પાંચ) ટી.પી.સ્કીમો હાલ ડ્રાફ્ટ લેવલે મંજુર થયેલ છે. જેમાં પહેલા તબક્કામાં રીંગરોડની કુલ લંબાઈ ૬૬.૦૮ માંથી ૧૬.૮૪૦ કી.મી. **(૧૩.૮૯ કી.મી. રીંગરોડની લંબાઈ + ૨.૯૫ કી.મી. ની સંલગ્ન લંબાઈ)** લંબાઈનો સમાવેશ થાય છે. જેમાં ઉત્તરભાગના વિસ્તારમાં ગોરવા–ઉંડેરા–કોયલી વિસ્તારને આવરી લેવામાં આવશે. પશ્ચિમ વિસ્તારમાં પાદરા તથા તેની આસપાસમાં આવેલ ગામોને તથા કોયલી–શેરખી-સેવાસી-ઉંડેરા–સીંધરોટ રોડ થી વડોદરા–પાદરા સ્ટેટ હાઈ-વે-ચાપડ-બીલમાંથી પસાર થઈ પોર હાઈ-વે ને જોડી શકાય તેમ છે. જેથી ઉત્તર, દક્ષિણ તથા પશ્ચિમ વિસ્તારના વિવિધ ગામોને પણ સુગમતા રહે તે હેતુથી આયોજન કરેલ છે.
- પશ્ચિમ વિસ્તારના પહેલા તબક્કામાં રીંગ રોડની લંબાઈ પૈકી ૮.૨૪૦ કી.મી. લંબાઈ વી.એમ.સી. દ્વારા મંજુર થયેલ ટી.પી.સ્કીમ, અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨૪/એ અને ૨૪/બી, બીલ ટી.પી. ૨૭/એ અને ૨૭/બી માં સમાવેશ થાય છે. જેમાં ૪.૫૮ કિ.મી. લંબાઈના ટેન્ડરની તાંત્રિક મંજુરી વર્ષ-૨૦૨૨ માં કરેલ છે. તથા વુડા હસ્તકની ટી.પી.સ્કીમના કુલ ૮.૪૩ કિ.મી. લંબાઈનો સમાવેશ થાય છે. તેમાંથી જેતે ટી.પી. સ્કીમના ઈન્ફ્રાસટ્રકચરના ટેન્ડરમાં ૪.૧ કિ.મી. વિષેશ સમાવેશ કરવામાં આવેલ છે.

(પાછળ)

- પશ્ચિમ વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમમાં કુલ ૧૬.૮૪૦ કી.મી. માં પહેલા તબક્કાનો રિંગરોડ બનાવવાની કામગીરી કરવાની થાય છે. સદર લંબાઈમાં રિંગરોડ બનાવવાની કામગીરી કરવા રૂ. ૨૧૫.૭૫ કરોડનો ખર્ચ થાય તેમ છે. જેમાંથી વુડા તથા કોર્પોરેશનની સંયુક્ત લંબાઇમાં રૂ. ૧૦૪.૭૨ કરોડના ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. તે ઉપરાંત ૧૬.૮૪૦ કિલોમીટર રિંગરોડ લંબાઇ પૂર્ણ કરવા માટે વધુ રૂ. ૧૦૯.૧૧ કરોડનો ખર્ચ થાય તેમ છે.
- વધુમાં જણાવવાનું કે, પશ્ચિમ વિસ્તારમાં વુડા દ્વારા ડ્રાફ્ટ ટી.પી તરીકે મંજૂર થયેલ કુલ ૦૫ (પાંચ) ટી.પી માં કામગીરી પ્રગતિમાં છે. જયાં મકાનો, સોસાયટીઓના ડેવલોપમેન્ટ થયા નથી તે રસ્તાની લંબાઈની કામગીરી ન કરી પહેલા તબક્કે રીંગરોડની લંબાઈ પૂર્ણ કરવા કોયલી થી ઉંડેરાના રસ્તા-વડોદરા પાદરા રસ્તા-બીલ-ચાપડમાંથી પસાર થઈ **N.H No.48** સુધીની કનેકટીવીટી થઈ શકે તેમ છે. સદર રિંગરોડની અગત્યતા અને તેને લઈ હાલમાં જે ટી.પી માં કામગીરી પ્રગતિમાં છે તે ટી.પી માં ટેન્ડરમાંથી સદર ખર્ચનો સમાવેશ કરી શકાય છે. કોયલી ટી.પી માંથી પસાર થતી કુલ લંબાઈમાં રિંગરોડની કામગીરી કરવા માટે રૂ. ૨૩.૮૭ કરોડનો વધુ ખર્ચ થાય તેમ છે. જે ખર્ચ હાલ કોયલી ટી.પી માં કરી શકાય તેમ છે. તેજ રીતે અંકોડિયા ૨૪/એ અને ૨૪/બી તથા સમીયાલા ટી.પી માંથી પણ રીંગરોડની લંબાઈ પસાર થાય છે. જેમાં રીંગરોડની કામગીરી પૂર્ણ કરવા અનુક્રમે રૂ. ૩૩.૪૭ કરોડ અને રૂ. ૩૬.૬૧ કરોડ તથા ચાપડ ટી.પી. માં રસ્તા ડેવલોપમેન્ટ માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે તેમાં બાકીના રૂ. ૧૫.૧૩ કરોડનો અંદાજીત ખર્ચ થઈ શકે તેમ છે. જે ધ્યાને લઈ ટી.પીના કામમાં વધારાની કામગીરીનો સમાવેશ કરવા મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૭) :** વુડા વિસ્તારના ૭૫.૦૦ મીટર પહોળાઈના રીંગરોડની બાકી લંબાઈમાં પશ્ચિમ વિસ્તારમાં મંજુર થયેલ વિવિધ ટી.પી. માંથી કામગીરી કરવા મંજુરી આપવામાં આવી તથા તે ઉપરાંત પુર્વ વિસ્તારનો ૭૫.૦૦ મીટર રીંગરોડ વડોદરા આજવા સ્ટેટ હાઈ-વે થી વડોદરા ડભોઈ સ્ટેટ હાઈ-વેને જોડતો ૧૦.૭૪૦ કી.મી. લંબાઈનો રીંગરોડ કુલ ૦૩ સ્ટેટ હાઈ-વેને જોડાતો હોય, સદર વિગતે પહેલા તબક્કામાં પુર્વ અને પશ્ચિમ બન્ને થઈ હાલ ૨૭.૫૮૦ કી.મી. લંબાઈમાં ૭૫.૦૦ મીટર રીંગરોડ બનાવવાની કામગીરીને હાલ ટી.પીના પ્રગતિ હેઠળના કામમાં વધારાની કામગીરી તરીકે સમાવેશ કરવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર (૧૬) : વુડા વિસ્તારના વડોદરા જબુંસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગ રોડ બનાવવાની કામગીરી માટે વરાડે પડતો ખર્ચ વી.એમ.સી. પાસેથી જમા લેવા બાબત.**

ઉપરોકત વિષયના અનુંસધાનમાં સવિનય સહ જણવવાનું, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની મંજુર/ડ્રાફ્ટ/ દ્વિતિય પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૧૨ માં આશરે ૬૬.૦૮ કી.મી. લંબાઈ ધરાવતો ૭૫.૦ મી. પહોડાઈનો રીંગરોડ સુચિત કરવામાં આવેલ છે. સદર રીંગરોડનું નગર રચના યોજનાનું આયોજન કરેલ છે. ૭૫.૦૦ મીટરની પહોળાઈના રીંગરોડના અમલીકરણમાં સરળતા રહે તે હેતુથી બે મુખ્ય રસ્તાઓને જોડતો લીંક કરી, ફેઝ વાઈઝ કામગીરી કરવી હીતાવહ જણાય છે. જે મુજબ હાલમાં કોયલી-સિંધરોટ અને ચાપડની હદ સુધી ધોરીમાર્ગ થી વડોદરા પાદરા રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦ મીટરની પહોળાઈનો રીંગરોડ પૈકીના લીંક રોડને પ્રથમ ફેઝમાં બનાવવાનું આયોજન કરેલ છે. જે પૈકી વિવિધ ટી.પી. સ્કીમમાં ૧૬.૬૭ કી.મી. લંબાઈમાં ૭૫.૦૦ મીટરના રીંગ રોડનું આયોજન કરેલ છે. જેમાંથી ૮.૨૪૦ કી.મી. લંબાઈ વી.એમ.સી. દ્વારા મંજુર થયેલ ટી.પી.સ્કીમ, અંકોડીયા ટી.પી.સ્કીમ નં. ૨૪/એ અને ૨૪/બી, બીલ ટી.પી. માં સમાવેશ થાય છે. સદર કામગીરી કરવાનો અંદાજીત ખર્ચ રૂ. ૧૦૪.૪૯ કરોડ થાય છે. આમ વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં રીંગ રોડ બનાવવા અંગેનો વરાડે પડતો ખર્ચ વડોદરા મહાનગરપાલિકા પાસેથી જમા લેવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક ( ૨૯૨૮) :** વુડા વિસ્તારના વડોદરા જબુંસર રાજય ધોરીમાર્ગ તથા વડોદરા સેવાસી-સીંધરોટ રાજય ધોરીમાર્ગને જોડતા ૭૫.૦૦ મીટર પહોળાઈનો રીંગ રોડ બનાવવાની કામગીરી માટે વરાડે પડતો અંદાજીત ખર્ચ રૂ. ૧૦૪.૪૯ કરોડ ના ૫૦% મુજબ રૂ. ૫૨.૨૪૫ કરોડ વી.એમ.સી. પાસેથી જમા લેવા મંજુરી આપવામાં આવી તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નંબર(૧૭) : વુડા ભવન બિલ્ડીંગમાં ૦૪ (ચાર) ડકટમાં પાણી અને ડ્રેનેજની લાઈનો બદલવા તથા તેને લગત અન્ય કામગીરી માટે થનાર ખર્ચની મંજુરી આપવા બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે વુડા ભવન બિલ્ડીંગમાં કુલ ૦૯ માળ આવેલા છે. તે પૈકી પ્રથમ તથા બીજા માળમાં વુડાની ઓફિસ છે તથા અન્ય માળ ઉપર આર્કિયોલોજીકલ સર્વે ઓફ ઇન્ડિયાની ઓફીસ, પ્રાદેશિક નગરપાલિકાની ઓફિસ, ફાયરની ઓફિસ, સુમન મારબલ, અમસા હોલ્ડિંગ તથા સયાજીગ્રીન મારબલની ઓફિસો આવેલ છે. જેમાં ૩, ૭, ૮, અને ૯ માળ વેચાણથી આપવામાં આવેલ છે. જે પરત્વે વુડા ભવન બિલ્ડિંગમાં મેન્ટેનન્સની કામગીરી વુડા કચેરી દ્વારા કરવામાં આવે છે તથા તે અંગેનો ખર્ચ વર્ષમાં ૦૧ વાર દરેક માળ પાસેથી ઉઘરાવવામાં આવે છે.

વુડા ભવનના ૦૪ (ચાર) ડકટમાં પાણી તથા ડ્રેનેજની લાઈનો તુટી ગયેલ હોવાથી પાણીનો બગાડ થાય છે. દિવાલો ઉપર લીલ થઈ જાય છે તથા વુડા ભવન બિલ્ડીંગના બીજા માળ પર આવેલ ટેરેસમાં ગંદકી થાય છે. જેથી વુડા ભવન બિલ્ડીંગની ઓફીસોમાં પણ ભેજ જોવા મળે છે અને અંદરની ઓફિસોમાં પાણી ઉતરે છે. આમ જુની લાઈનો કાઢીને નવીન લાઈનો નાખવાની કામગીરી માટે વુડા ભવન બિલ્ડીંગકોમન મીટીંગ ક્રમાંક-૨૦ માં રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) લાખ સુધીની મંજુરી મળેલ છે તથા અત્રેની કચેરી દ્વારા સદર કામગીરી માટે અંદાજીત રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) લાખની T.S. કમિટીમાં મંજુરી મળ્યેથી અત્રેની કચેરી દ્વારા વાર્ષિક ઈજારાના મંજુર કરેલ ભાવો મુજબ ક્વોલીફાઈડ ઈજારદારશ્રીને સદર કામગીરી કરવા કાર્ય આદેશ આપવામાં આવેલ છે. આમ અત્રેની કચેરી દ્વારા વુડા ભવન બિલ્ડીંગમાં ૦૪ (ચાર) ડકટમાં પાણી અને ડ્રેનેજની લાઈનો બદલવા તથા તેને લગત અન્ય કામગીરી કરવા માટે કરવામાં આવેલ કાર્યવાહીને બહાલી આપવા માટે તથા તે અંગે થનાર ખર્ચને મંજુરી આપવા અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા મંજુરી અર્થે સાદર રજુ.

વધુમાં સદર વુડા ભવન બિલ્ડીંગમાં મેન્ટેનન્સની સદર કામગીરી કરવા હાલ કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી તમામ ખર્ચ વુડા કચેરી ધ્વારા કરવા નિર્ણય તથા મંજુરી અર્થે તદઉપરાંત રજુઆત મુજબની કામગીરી પુર્ણ થયા બાદ વરાડે પડતી રકમ દરેક ફ્લોરના ડાયરેકટરશ્રી/માલીકો પાસેથી વસુલવાની રહે છે. જે અંગેનો મુદ્દો વુડા બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે રજૂ કરતા ચર્ચા વિચારણા થતા સર્વ સંમતીથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૨૯) :** વુડા ભવન બિલ્ડીંગમાં ૦૪ (ચાર) ડકટમાં પાણી અને ડ્રેનેજની લાઈનો બદલવા તથા તેને લગત અન્ય કામગીરી કરવા માટે અત્રેની કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરીને બહાલી આપવામાં આવી તથા તે થનાર અંદાજીત ખર્ચ રૂ. ૧૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ લાખ પુરા) ના ખર્ચને મંજુરી આપવામાં આવી. તેમજ વુડા ભવન બિલ્ડીંગના કોમન એકાઉન્ટમાં જમા કરાવવા મંજુરી આપી અને વુડા ભવનના કોમન એકાઉન્ટમાં ફંડ ન હોવાથી હાલ પ્રથમ તબક્કે થનાર તમામ ખર્ચ વુડા કચેરી દ્વારા કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યુ તથા તે અંગે આગળની કાર્યવાહી કરવાની સઘળી સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રીને સુપ્રત કરવામાં ઠરાવવામાં આવ્યું.

**મુદ્દા નં. (૧૮) મોજે: કુમેઠા,મોરલીપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા,મોરલીપુરા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા,મોરલીપુરા) ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૨૩/૦૬/૨૦૨૩ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૩૦/૦૯/૨૦૨૩ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા,મોરલીપુરા) તૈયાર કરવાના કામે વુડાની તા.૨૨/૧૧/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૮ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૮૯૪ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં. ૪૩૧-૪૩૨ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૬/૧૨/૨૦૨૩ના પત્રથી અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૦૪/૦૧/૨૦૨૪ ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ તથા તે તળેના નિયમો-૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૦૫/૦૧/૨૦૨૪ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમયગાળામાં નગર રચના યોજના નં. ૨૯-સી ના કુલ ૧૭ વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના નં. ૨૯-સી ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયો મુજબ સુધારો કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તથા નગર રચના યોજના બનાવતી વેળાએ સ્થળસ્થિતિ તેમજ લાગુ રોડની રસ્તારેષામાં વિસંગતતા હોવાનું જણાયેલ હોય, રસ્તારેષા સુઆયોજીત તેમજ સુસંગતતા થઈ શકે તે હેતુથી મંજુર અને અમલી દ્વિતીય વિકાસ યોજનાના રસ્તા રેષામાં સુધારો કરવો જરૂરી જણાતો હોઈ, અધિનિયમની કલમ-૧૯ હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. ડી.પી.ના રોડની રસ્તા રેષામાં સુધારો કરવો જરૂરી જણાય છે. જે અન્વયે સુધારો કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક** (૨૯૩૦) : મોજે: કુમેઠા અને મોરલીપુરા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-સી (કુમેઠા-મોરલીપુરા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/સી ના કુલ ૧૭ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૮ રજુઆતો પૈકી કુલ-૦૫ પ્રકારની રજુઆતો

પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૧૩ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા સુચિત નગર રચના યોજના તૈયાર કરતી વેળાએસ્થાનિક પરિબળો તથા હયાત પરિસ્થિતિ તથા રસ્તાની અધિક્રમ ધ્યાને લઈ; તૈયાર કરેલ રોડ નેટવર્કના અનુસંધાને મંજુર અમલી ડી.પી. રસ્તાની રસ્તા રેષામાં જે ફેરફાર કરવામાં આવેલ છે તથા સદર ફેરફારને કારણે આસપાસની જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દાનં. (૧૯) મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૨૩/૦૬/૨૦૨૩ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૩૦/૦૯/૨૦૨૩ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા) તૈયાર કરવાના કામે વુડાની તા.૨૨/૧૧/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૮ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૮૯૫ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં. ૪૩૩ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૬/૧૨/૨૦૨૩ના પત્રથી અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૦૪/૦૧/૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ તથા તે તળેના નિયમો-૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા.૦૫/૦૧/૨૦૨૪ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમયગાળામાં નગર રચના યોજના નં. ૨૯-ડી ના કુલ <u>૨૦</u> વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના નં. ૨૯-ડી ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયો મુજબ સુધારો કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તથા નગર રચના યોજના બનાવતી વેળાએ સ્થળસ્થિતિ તેમજ લાગુ રોડની રસ્તારેષામાં વિસંગતતા હોવાનું જણાયેલ હોય, રસ્તારેષા સુઆયોજીત તેમજ સુસંગતતા થઈ શકે તે હેતુથી મંજુર અને અમલી દ્વિતીય વિકાસ યોજનાના રસ્તા રેષામાં સુધારો કરવો જરૂરી જણાતો હોઈ, અધિનિયમની કલમ-૧૯ હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. જે અન્વયે સુધારો કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

<u>**ઠરાવ ક્રમાંક (૨૯૩૧) :**</u> મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ડી (કુમેઠા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ડી ના કુલ ૨૦ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૨૬ રજુઆતો પૈકી કુલ-૧૦ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૧૬ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા સુચિત નગર રચના યોજના તૈયાર કરતી વેળાએસ્થાનિક પરિબળો તથા હયાત

પરિસ્થિતિ તથા રસ્તાની અધિક્રમ ધ્યાને લઈ; તૈયાર કરેલ રોડ નેટવર્કના અનુસંધાને મંજુર અમલી ડી.પી. રસ્તાની રસ્તા રેષામાં જે ફેરફાર કરવામાં આવેલ છે તથા સદર ફેરફારને કારણે આસપાસની જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દાનં. (૨૦) મોજે : કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) ખાતે અધિનિયમની કલમ-૪૨ અન્વયે પ્રસિધ્ધ કરતાં મળેલ વાંધા સુચનો પર કલમ-૪૭ અન્વયે નિર્ણય લઇ સરકારશ્રીમાં મંજુરી અર્થે પાઠવવા બાબત.**

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા) દ્વારા મોજે કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) ગામના રેવન્યુ વિસ્તારમાં ગુલાબી- તુટક લીટીથી દર્શાવ્યા મુજબની હદ અંગેના પરામર્શની દરખાસ્ત તા.૨૩/૦૬/૨૦૨૩ ના રોજ મુખ્ય નગર નિયોજક ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીને પાઠવતા તેઓશ્રીની કચેરી દ્વારા તા.૩૦/૦૯/૨૦૨૩ ના પત્રથી અધિનિયમની કલમ-૪૧ ની પેટા કલમ-૧ હેઠળ હદ પરામર્શ આપવામાં આવેલ હતો. મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા) તૈયાર કરવાના કામે વુડાની તા.૨૨/૧૧/૨૦૨૩ ની બોર્ડ બેઠક નં.૨૫૮ માં મુદ્દો લઇ તે પરત્વે ઠરાવ ક્રમાંક ૨૮૯૬ થી ઇરાદો જાહેર કરવા અંગે ઠરાવ થયેલ છે. તદ્દનુસાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ યોજનાનો ઇરાદો તા.૨૨/૧૧/૨૦૨૩ના રોજ જાહેર કરવામાં આવેલ. જેની પ્રસિધ્ધ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ સરકારી રાજ્ય પત્રના પાન નં.૪૩૩-૪૩૪ ઉપર કરવામાં આવેલ તથા સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો તથા જાહેર સ્થળોએ પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. સદર ઇરાદાની જાણ સરકારશ્રીમાં તા.૦૬/૧૨/૨૦૨૩ ના પત્રથી અગ્ર સચિવશ્રી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પણ કરાયેલ. આમ ઇરાદો જાહેર કરવાની તમામ કાર્યવાહી પુર્ણ કરેલ છે. ત્યારબાદ ઉકત અધિનિયમ તથા તે તળેના નિયમો ૧૯૭૯ ના નિયમ નં.૧૭ પ્રમાણે યોજનાનો મુસદ્દો તૈયાર કરી તેની સમજુતી મેળવવા અંગે ઓનર્સ મીટીંગ વુડા ભવન, એલ.એન્ડ.ટી. સર્કલ પાસે, વીઆઇપીરોડ, વડોદરા ખાતે તા.૦૪/૦૧/૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ. જે અંગે યોજના વિસ્તારના લોકોને વ્યક્તિગત નોટીસ આપવામાં આવેલ. અને સદર મીટીંગની બહોળી પ્રસિધ્ધીના કામે સ્થાનીક વર્તમાન પત્રોમાં "જાહેર નોટીસ" પણ પ્રસિધ્ધ કરવામાં આવેલ. ત્યારબાદ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૨ તથા તે તળેના નિયમો -૧૯૭૯ ના નિયમ ૧૮ મુજબ અધિસુચન તા. ૦૫/૦૧/૨૦૨૪ના રોજ ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ છે. જેથી ત્યારથી એક માસની મુદતમાં આવેલ વાંધા સુચનો ધ્યાને લેવાના થાય. એક માસના સમયગાળામાં નગર રચના યોજના નં. ૨૯-ઈ ના કુલ **૧૦** વાંધા રજુ થયેલ છે. સમય મર્યાદામાં આવેલ નગર રચના યોજના નં. ૨૯-ઈ ના વાંધાઓની ચકાસણી કરી તારીજ તૈયાર કરાયેલ છે. જે આ સાથે પરિશિષ્ટમાં દર્શાવવામાં આવેલ છે. સદર વાંધા સુચનો પરત્વે કાયદાની કલમ-૪૭ અન્વયે નિર્ણય લેવા તથા તે નિર્ણયો મુજબ સુધારો કરી સદર મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) અન્વયે સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા તથા નગર રચના યોજના બનાવતી વેળાએ સ્થળસ્થિતિ તેમજ લાગુ રોડની રસ્તારેષામાં વિસંગતતા હોવાનું જણાયેલ હોય, રસ્તારેષા સુઆયોજીત તેમજ સુસંગતતા થઈ શકે તે હેતુથી મંજુર અને અમલી દ્વિતીય વિકાસ યોજનાના રસ્તા રેષામાં સુધારો કરવો જરૂરી જણાતો હોઈ, અધિનિયમની કલમ-૧૯ હેઠળ કાર્યવાહી કરવાની થાય છે. જે અન્વયે સુધારો કરવા બાબતે ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે બોર્ડના સર્વ સભ્યશ્રીઓ સમક્ષ સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૩૨) :** મોજે: કુમેઠા ખાતે સુચિત નગર રચના યોજના નં. ૨૯-ઈ (કુમેઠા)નો મુસદ્દો ગેઝેટમાં તા. ૦૫/૦૧/૨૦૨૪ થી પ્રસિધ્ધ કર્યાના એક માસની સમય મર્યાદામાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૯/ઈ ના કુલ ૧૦ વાંધા અરજી સત્તામંડળને મળેલ, તમામ અરજીઓની અલગ અલગ પ્રકારની કુલ-૧૦ રજુઆતો પૈકી કુલ-૦૩ પ્રકારની રજુઆતો પરત્વે હકારાત્મક અભિગમ અપનાવી સુધારા કરવા તથા બાકીની કુલ-૦૭ પ્રકારની રજુઆતો જાહેર હિતમાં ગ્રાહ્ય ન રાખવા નક્કી કરવામાં આવેલ તથા સુચિત નગર રચના યોજના તૈયાર કરતી વેળાએસ્થાનિક પરિબળો તથા હયાત

પરિસ્થિતિ તથા રસ્તાની અધિક્રમ ધ્યાને લઈ; તૈયાર કરેલ રોડ નેટવર્કના અનુસંધાને મંજુર અમલી ડી.પી. રસ્તાની રસ્તા રેષામાં જે ફેરફાર કરવામાં આવેલ છે તથા સદર ફેરફારને કારણે આસપાસની જમીનોને લાગુ ઝોનમાં સ્થિત કરવા કલમ-૧૯ હેઠળ ફેરફાર કરવા ઠરાવવામાં આવ્યું. આમ યોજનાના મુસદ્દામાં ઉકત નિર્ણયો અંગેના ફેરફારો આમેજ કરી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૪૮(૧) હેઠળ યોજના સરકારીશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવા ઠરાવવામાં આવ્યું, તથા આ અંગે આગળ કરવાની થતી સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં.(૨૧): વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.03 (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત.**

અત્રેની કચેરી દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.03 (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા) તૈયાર કરી તા.૦૬/૦૧/૨૦૧૫થી સરકારશ્રીમાં અધિનિયમની કલમ ૪૮(૧) મંજુરી અર્થે સાદર કરેલ. જેને સરકારશ્રીના તા.૨૨/૦૯/૨૦૧૫ના નોટીફિકેશન નં. GH/V/265 OF 2015/TPS-122015-283-Lથી ફેરફાર સુચવી અધિનિયમની કલમ ૪૮(૨) હેઠળ પરત કરવામાં આવેલ છે. જેના મુદ્દા નં.૪ માં જણાવ્યાનુસાર પ્રસ્તૃત યોજના વિસ્તારમાંથી પસાર તથી વિશ્વામિત્રી નદી જે સર્પાકાર છે તેને જળસંપતિ વિભાગના સંપર્કમાં રહી રી-એલાઈમેન્ટ કરવા માટે સુચન કરેલ જેના અનુસંધાને અત્રેની કચેરી દ્વારા તા.૨૨/૦૧/૨૦૨૧ તથા તા.૨૮/૦૯/૨૦૨૧ના પત્રથી અધિક મુખ્ય સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને પત્ર પાઠવી જરૂરી માર્ગદર્શન/સુચન/નિર્ણય થઈ આવવા પત્ર પાઠવેલ. આમ, અત્રેની કચેરીના પત્ર અન્વયે સેક્શન અધિકારીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા.૦૫/૧૧/૨૦૨૨ ના પત્ર નં.નરચ-૧૨૨૦૨૨-૮૫૪-લની વિગત મુજબ યોજના વિસ્તાર ૧૬૧૯.૪૮ હેકટર જેટલો મોટો હોય તેમજ યોજના વિસ્તારમાંથી પસાર તથી વિશ્વામિત્રી નદીને ફીઝીકલ બેરીયર ધ્યાને લઈ તેને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા માટે અધિનિયમની જોગવાઇઓ અનુસરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે પરત્વે અત્રે દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. 03 (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા)ને અંદાજિત ૨૦૦-૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવી મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧(૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવા માટે વુડાની તા.૧૮/૦૪/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૫માં ઠરાવ ક્રમાંક ૨૮૨૮થી ઠરાવેલ હતું જે પરત્વે સુચિત મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા સારૂ કુલ ૮ ભાગમાં વિભાજીત કરેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનું નામ | અંદાજીત ક્ષેત્રફળ (હે.) |
|---|---|---|
| ૧ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૧(દુમાડ) | ૧૭૯ |
| ૨ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૨(દુમાડ) | ૨૦૫ |
| 3 | સુ.મુ.ન.ર.યો.નં. 03/3(દેણા) | ૨૦૨ |
| ૪ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૪(દેણા) | ૨૨૭ |
| ૫ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૫(વિરોદ) | ૧૬૫ |
| ૬ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૬(સુખલીપુરા) | ૧૪૯ |
| ૭ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૭(સુખલીપુરા) | ૧૦૨ |
| ૮ | સુ.મુ.ન.ર.યો.નં. 03/૮(કોટાલી-આમલીયારા) | ૨૧૦ |

ઉકત દર્શાવેલ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના પરત્વે હદ નક્કી કરી તે મુજબ ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવવા સારૂ વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓને સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ.

**ઠરાવ ક્રમાંક (૨૯૩૩) :** વુડાની તા.૧૮/૦૪/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૫માં ઠરાવ ક્રમાંક ૨૮૨૮થી ઠરાવ્યા મુજબ તે પરત્વે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૦૩ (આઈ.ટી.નોડ) (દુમાડ-દેણા-વિરોદ-કોટાલી-સુખલીપુરા-આમલીયારા)ને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા સારૂ કુલ ૮ ભાગમાં વિભાજીત કરી ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવવા માટેની સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.

**મુદ્દા નં.(૨૨)વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વિસ્તારમાં સમાવિષ્ટ મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા બાબત.**

અત્રેની કચેરી દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી) તૈયાર કરી તા.૦૯/૧૦/૨૦૧૮થી સરકારશ્રીમાં અધિનિયમની કલમ ૪૮(૧) મંજુરી અર્થે સાદર કરેલ. જેને સરકારશ્રીના તા.૨૫/૦૫/૨૦૨૨ના નોટીફિકેશન નં. GH/V/60 OF 2022/TPS-122018-7239-Lથી ફેરફાર સુચવી અધિનિયમની કલમ ૪૮(૨) હેઠળ પરત કરવામાં આવેલ છે. જેના મુદ્દા નં.3 માં જણાવ્યાનુસાર પ્રસ્તુત યોજનાનો વિસ્તાર ૧૫૯૦ હેકટર જેટલો મોટો હોઇ જરૂરી જણાય તો તેને એક કરતા વધારે ભાગમાં વિભાજીત કરી નાના ક્ષેત્રફળની યોજનાઓ બનાવવા માટે અધિનિયમની જોગવાઇઓ અનુસરી કાર્યવાહી કરવા જણાવેલ છે. જે પરત્વે અત્રે દ્વારા મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને અંદાજિત ૨૦૦-૨૫૦ હેકટરમાં વિભાજીત કરી તે મુજબની નવી હદો દર્શાવી તે પરત્વે ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવી મેળવી સદર સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાઓ તૈયાર કરવા અધિનિયમની કલમ-૪૧ (૧) હેઠળ મુખ્ય નગર નિયોજકશ્રીનો ફેર હદ પરામર્શ મેળવવા માટે વુડાની તા.૧૮/૦૪/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૫માં ઠરાવ ક્રમાંક ૨૮૨૭થી ઠરાવેલ હતું જે પરત્વે સુચિત મુજબ મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા સારૂ કુલ ૯ ભાગમાં વિભાજીત કરેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ | સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજનાનું નામ | અંદાજીત ક્ષેત્રફળ (હે.) |
|---|---|---|
| ૧ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૧(આલમગીર-વરણામા) | ૧૬૧ |
| ૨ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૨ (મુજારગામડી-આલમગીર-વરણામા) | ૧૭૫ |
| 3 | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/3(વરણામા-સુંદરપુરા) | ૨૧૫ |
| ૪ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૪(વરણામા) | ૨૧૬ |
| ૫ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૫(વરણામા) | ૧૫૪ |
| ૬ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૬(વરણામા) | ૧૦૪ |
| ૭ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૭(વરણામા- સુંદરપુરા-ફતેપુરા) | ૧૮૨ |
| ૮ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૮(વરણામા) | ૧૮૦ |
| ૯ | સુ.મુ.ન.ર.યો.નં. ૨૨/૯(વરણામા-વડસાલા) | ૧૮૭ |

ઉકત દર્શાવેલ સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના પરત્વે હદ નક્કી કરી તે મુજબ ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવવા સારૂ વુડા બોર્ડના સર્વે સભ્યશ્રીઓને સમક્ષ ચર્ચા વિચારણા તથા નિર્ણય અર્થે સાદર રજુ.

<u>ઠરાવ ક્રમાંક (૨૯૩૪) :</u> વુડાની તા.૧૮/૦૪/૨૦૨૩ની બોર્ડ બેઠક નં.૨૫૫માં ઠરાવ ક્રમાંક ૨૮૨૭થી ઠરાવ્યા મુજબ તે પરત્વે સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૨૨ (નોલેજ નોડ) (આલમગીર-વરણામા-વડસાલા-સુંદરપુરા-ફતેપુરા-મુજારગામડી)ને મુસદ્દારૂપ નગર રચના યોજના તૈયાર કરવા સારૂ કુલ ૯ ભાગમાં વિભાજીત કરી ડી.આઈ.એલ.આરશ્રીનું નિમતાણું મેળવવા માટેની સઘળી કાર્યવાહી અંગેની સત્તા મુખ્ય કારોબારી અધિકારીશ્રી, વુડાને સુપ્રત કરવામાં આવી.